RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 14-05-2026 I VOL : 12 I Issue : 58 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !! ”

3  પીએમ મોદીનો 5 દેશોનો મહાસંકલ્પ, ભારત બનશે ગ્લોબલ પાવર હાઉસ!


4  ભારતીય રૂપિયો ઇતિહાસના સૌથી ખરાબ તબક્કામાં

6  'બિગ બોસ' ફેમ મંદાના કરીમીએ 16 વર્ષ પછી ભારત છોડ્યું

7  યુરોપની નવી ટી20 લીગમાં હવે ભારતીયનો દબદબો

## એક નજર...

### ગૉલ્ડન સાડીમાં કાજલે વિખેર્યાં જલવો



કાજલ અગ્રવાલે તેના લેટેસ્ટ ગોલ્ડન સાડી લુકથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. આ પરંપરાગત અને આધુનિક શૈલીના મિશ્રણથી તેણે ચાહકોને ફેશનની નવી પ્રેરણા પણ આપી છે. અભિનેત્રી કાજલ અગ્રવાલે ફરી એકવાર પોતાની સ્ટાઈલ અને ગ્રેસથી ચાહકોના દિલ જીતી લીધા છે. તાજેતરમાં, તેણીએ ઈન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા છે.

## NEWS TRACK

### ટ્રમ્પ ફેંકતા રહ્યા અને ઈરાને મજબૂત કરી કિલ્લેબંધી

અમેરિકા અને ઈઝરાયલના ભીષણ હુમલા છતાં ઈરાનની સૈન્ય શક્તિ સંપૂર્ણપણે ખતમ થઈ નથી. અમેરિકાના જ એક ઈન્ટેલિજન્સ રિપોર્ટ્સ અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક વિસ્તારમાં ઈરાનની અનેક મિસાઈલ સાઈટ્સ હજુ પણ કાર્યરત છે, જે ટ્રમ્પ વહીવટી તંત્રના દાવા સામે સવાલો ઊભા કરે છે. રિપોર્ટમાં સામે આવી ચોંકાવનારી વિગત હોર્મુઝ સ્ટ્રેટ પાસેની 33 મિસાઈલ સાઈટ્સમાંથી 30 સાઈટ્સ હજુ પણ ઓપરેશનલ અથવા આંશિક રીતે સક્રિય છે. ઈરાન તેના 70% મોબાઈલ મિસાઈલ લોન્ચર અને 70% મિસાઈલ સ્ટોક (યુદ્ધ પહેલાનો જથ્થો) બચાવવામાં સફળ રહ્યું છે. લગભગ 90% અંડરગ્રાઉન્ડ મિસાઈલ સ્ટોરેજ ફરીથી સક્રિય થઈ ગયા હોવાનું મનાય છે. આ એ જ વિસ્તાર છે જ્યાંથી વિશ્વનો 20% ક્રૂડ ઓઈલ પુરવઠો પસાર થાય છે, જેનો અર્થ છે કે અમેરિકન જહાજો પરનો ખતરો હજુ ટળ્યો નથી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે દાવો કર્યો હતો કે ઈરાનની સેના સંપૂર્ણપણે તબાહ થઈ ચૂકી છે અને તે વર્ષો સુધી લડી શકે તેમ નથી. અંડરગ્રાઉન્ડ સિસ્ટમનો નાશ કરવાને બદલે માત્ર એન્ટ્રી પોઈન્ટ્સ જ બંધ કરાયા હતા.

### ટ્રમ્પે કહ્યું- ઈરાન સામે કોઈ પણ ભોગે યુદ્ધ જીતીશું

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન વિરુદ્ધ ચાલી રહેલું યુદ્ધ અમેરિકા કોઈપણ ભોગે જીતશે. ચીન રવાના થતા પહેલા તેમણે કહ્યું, “ઈરાન કાં તો સમજૂતી કરશે અથવા તો તબાહ થઈ જશે.” ટ્રમ્પે કહ્યું કે અમેરિકા પાસે પરિસ્થિતિને સંભાળવા માટે દરેક વિકલ્પ છે. તેમણે જણાવ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની વાતચીતમાં ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટ સંકટ પર પણ ચર્ચા થશે. જોકે, ટ્રેડ ડીલનો મુખ્ય મુદ્દો રહેશે. અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, અમેરિકાએ 74 દિવસના યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 29 અબજ ડોલર ખર્ચ કર્યા છે. આ રકમ ફક્ત હથિયારો અને સૈન્ય ઉપકરણો પર ખર્ચ થઈ છે. તેમાં સૈન્ય ઠેકાણાઓને થયેલા નુકસાનનો ખર્ચ શામેલ નથી. અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથે કોંગ્રેસ પાસેથી વધારાના રક્ષા બજેટની માંગ કરી. તેમણે કહ્યું કે દુનિયાની સૌથી શક્તિશાળી સૈન્ય શક્તિ બની રહેવા માટે અમેરિકાને 1.5 લાખ કરોડ ડોલરની જરૂર છે.

1. અમેરિકા-ઈરાન તણાવથી તેલની કિંમતોમાં મોટો ઉછાળો: શાંતિ વાટાઘાટો અટકી પડ્યા બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં 3% થી વધુનો વધારો થયો.

### મોંઘવારીનો વધુ એક માર

# અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.2 નો વધારો

## ભેંસના દૂધમાં પ્રતિ લિટર રૂ.4નો વધારો, પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા પહેલા જ મોંઘવારીનો ડામ

નવી દિલ્હી

પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની શક્યતાઓ વચ્ચે દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અમૂલે લિટરે દૂધના ભાવમાં 2 રૂપિયાનો વધારો કર્યો છે. આ ભાવ વધારો 14 મેથી લાગુ કરાશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં 1 મે, 2025ના રોજ અમૂલે લિટરે 2 રૂપિયાનો વધારો કર્યો હતો. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડની યાદી પ્રમાણે અમૂલ દૂધના મુખ્ય વેરિએન્ટ/ પેકમાં પ્રતિ લિટર રૂપિયા 2/- નો વધારો કરવામાં આવ્યો છે. આ નવા ભાવ 14 મે 2026થી સમગ્ર ભારતમાં અમલમાં આવશે. મુખ્ય વિગતો:આ ભાવ વધારો મહત્તમ વેચાણ કિંમતમાં 2.5% થી 3.5% નો વધારો સૂચવે છે, જે સરેરાશ ખાદ્ય ફુગાવા કરતા ઓછો છે. કેમ કર્યો ભાવ વધારો?




અમૂલ દૂધના ભાવમાં મે-2025 બાદ અત્યાર સુધી કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. વધારો કરવાનું મુખ્ય કારણ પશુ આહાર, પેકેજિંગ અને બળતણ જેવા ઈનપુટ ખર્ચમાં થયેલો નોંધપાત્ર વધારો છે. અમૂલ તેના સહકારી માળખા દ્વારા ગ્રાહકો પાસેથી મેળવેલા દર 1 રૂપિયામાંથી 80 પૈસા (80%) સીધા દૂધ ઉત્પાદકોને પરત આપે છે. મે-2025માં લિટરે રૂ.2 વધાર્યા હતા આ પહેલાં 1 મે, 2025 ગુજરાત અને અન્ય રાજ્યોમાં અમૂલના તમામ પ્રકારના દૂધમાં પ્રતિ લિટર 2 રૂપિયાનોનો વધારો કરવામાં આવ્યો હતો. જૂન 2024માં લિટરે 2 રૂપિયા વધાર્યા હતા 4 જૂન-2024ના રોજ લોકસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાના ત્રણ દિવસ પહેલાં જ અમૂલ દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો, જેમાં અમૂલ ગોલ્ડ દૂધમાં લિટરે 2 રૂપિયા વધાર્યા હતા. જ્યારે અમૂલ શક્તિ અને ટી સ્પેશિયલના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. જાન્યુઆરી, 2024માં લિટરે 2 રૂપિયાનો ઘટાડો કર્યો હતો અમૂલ ડેરી દ્વારા અમૂલ દૂધની 3 પ્રોડક્ટના ભાવમાં 24 જાન્યુઆરીના ઘટાડો કરાયો હતો. અમૂલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશિયલના 1 લિટરના પાઉચના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો કર્યો છે. અમૂલ દૂધના ભાવમાં ઘટાડો 24 જાન્યુઆરીથી લાગુ કરાયો હતો.

## એન. રંગાસામી 5મી વખત પુડુચેરીના CM

*ભાજપ અધ્યક્ષ નિતિન નવીન શપથવિધિમાં હાજર રહ્યા*



પુડુચેરી

એન. રંગાસામી 5મી વખત પુડુચેરીના મુખ્યમંત્રી બન્યા છે. ઉપ-રાજ્યપાલ કૈલાશ નાથને લોક ભવનમાં તેમને શપથ લેવડાવ્યા. આ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીન પણ હાજર રહ્યા. 4 મેના રોજ આવેલા પુડુચેરી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં રંગાસામીના નેતૃત્વવાળા NDA ગઠબંધનને 30માંથી 16 બેઠકો મળી હતી. જ્યારે, કેરળના આગામી સીએમના નામની જાહેરાત આજે થઈ શકે છે. પૂર્વ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કે. મુરલીધરને રાહુલ ગાંધીને મળ્યા પછી દાવો કર્યો હતો કે બુધવારે સવાર સુધીમાં મુખ્યમંત્રીનું નામ સામે આવી જશે. પુડુચેરીમાં 30 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. AINRC એ 16 માંથી 12 બેઠકો જીતીને 75% નો સૌથી વધુ સ્ટ્રાઈક રેટ હાંસલ કર્યો. ભાજપે 10 માંથી 4 બેઠકો જીતીને 40% સાથે બીજું સ્થાન મેળવ્યું. કોંગ્રેસ 16 બેઠકો પર ચૂંટણી લડીને માત્ર 1 બેઠક જીતી શકી અને તેનો સ્ટ્રાઈક રેટ માત્ર 6% રહ્યો.

### દેશભરમાં દરોડાથી ફફડાટ, તપાસનો વ્યાપ અને કાર્યવાહી

# NEET UG-2026 પેપર લીક: CBI એ 5 આરોપીઓની ધરપકડ કરી




નવી દિલ્હી

મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG-2026 માં થયેલી ગેરરીતિઓ અને પેપર લીક મામલે કેન્દ્રીય તપાસ એજન્સી (CBI) એ હવે સકંજો કસ્યો છે. આ કેસમાં CBI એ અત્યાર સુધીમાં 5 આરોપીઓની ધરપકડ કરી છે અને દેશભરમાં અનેક સ્થળોએ દરોડા પાડીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. સીબીઆઇ દ્વારા તત્કાલ કાર્યવાહી દેશની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG-2026 માં કથિત પેપર લીક અને અનિયમિતતાના કેસમાં CBI એ મોટી કાર્યવાહી કરી છે. તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં કુલ 5 આરોપીઓની ધરપકડ કરી છે. આ ધરપકડો અલગ-અલગ રાજ્યોમાંથી કરવામાં આવી છે.

જેમાં રાજસ્થાનના જયપુરથી 3, હરિયાણાના ગુરુગ્રામથી 1 અને મહારાષ્ટ્રના નાસિકથી 1 આરોપીનો સમાવેશ થાય છે. શિક્ષણ મંત્રાલયની ફરિયાદના આધારે CBI એ 12 મેના રોજ FIR દાખલ કરી હતી. આ ફરિયાદમાં ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને નવા કાયદા પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. CBI હાલમાં એ શોધી રહી છે કે આ પેપર લીકનું નેટવર્ક કેટલું મોટું છે અને તેમાં કોઈ કોચિંગ સેન્ટર કે મોટા દલાલોની સંડોવણી છે કે કેમ? દરોડા દરમિયાન અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો, લેપટોપ અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે, જેની ફોરેન્સિક તપાસ ચાલી રહી છે. CBI આ કેસમાં રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) સાથે સંકલન સાધી રહી છે.

## પાક્કો ગુજરાત ન્યૂઝ (મહા-સ્ફોટક એક્સપોઝ)

# ધર્મના નામે ‘ધંધો’ કરતા સફેદપોશ શૈતાનોનો મહાવિસ્ફોટ: સંતને હનીટ્રેપમાં હોમવાનું ભયાનક પાપ કરનારા નરાધમોની હવે ખેર નથી!

અમદાવાદ | ઇન્વેસ્ટિગેટિવ ડેસ્ક

ગુજરાતની પવિત્ર ધરતી પર જ્યારે સંયમ અને સાધુતા પર પ્રહાર થાય, ત્યારે સમજવું કે આ નરાધમોના પાપનો ઘડો હવે છલકાઈ રહ્યો છે. જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજને ‘હનીટ્રેપ’ના માયાવી જાળમાં ફસાવી દેવાનું જે નીચ કાવતરું ઘડાયું હતું, તે માત્ર કોઈ વ્યક્તિગત વેર નથી, પણ કરોડોની ખંડણી ઉઘરાવવા માટે રચાયેલું એક ‘લોહિયાળ વૈચારિક ષડયંત્ર’ છે. ‘પાક્કો ગુજરાત’ આજે આ ગેંગના એક-એક મહોરાના અસલી ચહેરા પરથી નકાબ ઉતારી રહ્યું છે.

### ષડયંત્રના ‘ઝેરીલા’ દસ્તાવેજો: આ એફિડેવિટ છે કે પાપનો દસ્તાવેજ?

કિરણ દોશી અને તેની ટોળકીએ જે સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી, તેમાં સત્યનું નામનિશાન નથી. ‘પાક્કો ગુજરાત’ પાસે રહેલા પુરાવાઓ ચીસો પાડીને કહી રહ્યા છે કે:

* કરોડોની વસૂલીનો ખેલ: આ કોઈ પીડિતાનો ન્યાય નથી, પણ મુનિશ્રીને ડરાવીને કરોડો રૂપિયા પડાવવા માટેનો પૂર્વયોજિત આર્થિક હુમલો છે.

* ચારિત્ર્ય હનનનો નીચ પેંતરો: પવિત્ર વેશ ધારણ કરનાર સંતના ચારિત્ર્ય પર કાદવ ઉછાળી તેમને સમાજમાં બદનામ કરવાની આ ‘બ્લેકમેલિંગ ગેંગ’ની ગંદી મોડસ ઓપરેન્ડી હવે ખુલ્લી પડી ગઈ છે.

સફેદપોશ ગુંડાઓની ટોળકી: હાર્દિક, જગત અને વિક્રમ... કાયદાનો ગાળિયો તૈયાર છે!

હાર્દિક હુડિયા, જગત પારેખ, વિક્રમ સિંઘવી અને વિક્રમ બાફના– જૈન શાસનની રક્ષાના બણગા ફૂંકનારા આ ‘બગલાભગત’ શૈતાનોએ જે ખાડો સંત માટે ખોદ્યો હતો, હવે કાયદો તેમને એમાં જ દફનાવશે. ધર્મના નામે ધંધો કરનારા આ ઠગબાજોએ જે ‘હનીટ્રેપ’ ગોઠવી




હતી, તેની આંચ હવે તેમના પોતાના જ પાપના ગઢ સુધી પહોંચી છે.

### તપાસની ગરમીથી ફફડાટ: બિલોમાં છુપાયેલા ‘ઉંદરો’ હવે બહાર આવશે!

જેમ જેમ તપાસના તાર આંતરરાષ્ટ્રીય લેવલના સિન્ડિકેટ સાથે જોડાઈ રહ્યા છે, તેમ તેમ આ ગેંગના સભ્યોના ફફડાટના અવાજો સંભળાઈ રહ્યા છે. સાક્ષીઓને તોડવાના અને મીડિયાને દબાવવાના તમામ ખેલ હવે ઊંધા પડવાના છે.

“જેણે સંતના અપમાનથી પોતાના હાથ કાળા કર્યા છે, જેણે જૈન ધર્મને ખંડણીનું સાધન બનાવ્યું છે, તેવા એકપણ હરામખોરને ‘પાક્કો ગુજરાત’ છોડશે નહીં. આ લડાઈ હવે લોકશાહીના ચોથા સ્તંભ અને અધર્મ વચ્ચેની છે!”

### ‘પાક્કો ગુજરાત’ના સણસણતા સવાલો

1. વસૂલીનું મોટું નેટવર્ક: આ ગેંગે અત્યાર સુધી બીજા કેટલા આધ્યાત્મિક ગુરુઓને બ્લેકમેલ કરી મૌન રહેવા મજબૂર કર્યા છે?
2. પોલીસની કસોટી: શું ગુજરાત પોલીસ આ ‘વ્હાઇટ કોલર’ ગુનેગારો સામે કડક કાયદાકીય શસ્ત્ર ઉગામશે કે સત્તાના જોરે તેઓ બચી જશે?
3. સમાજનો આક્રોશ: શું જૈન સમાજ આ ગદ્દારોનો સામાજિક બહિષ્કાર કરીને તેમને જીવતેજીવ પાઠ ભણાવશે?

ખેલ તો હજુ શરૂ થયો છે, અસલી ચહેરાઓના મહોરા ઉતારીને જેલના સળિયા પાછળ ધકેલવા સુધી ‘પાક્કો ગુજરાત’ જંપશે નહીં!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# બનાસકાંઠામાં ઈન્સ્ટાગ્રામની મિત્રતા સગીરાને ભારે પડી...!

પાલનપુર

વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાનો વધતો ઉપયોગ અને ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ પર અજાણ્યા પાત્રો સાથેની મિત્રતા કેટલું ભયાનક પરિણામ લાવી શકે છે, તેનો એક કિસ્સો બનાસકાંઠા જિલ્લામાં સામે આવ્યો છે. વડનગરની એક સગીરાને ઈન્સ્ટાગ્રામ પર થયેલો પ્રેમ સંબંધ ભારે પડી ગયો છે. લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા બાદ જ્યારે સગીરા ગર્ભવતી થઈ, ત્યારે પ્રેમીએ પોતે પરણીત હોવાનો ઘટસ્ફોટ કરીને સગીરાને રઝળતી મૂકી દીધી છે. મળતી વિગતો મુજબ, વડનગરની સગીરાને પાલનપુરના એક યુવક સાથે ઈન્સ્ટાગ્રામ પર પરિચય થયો હતો. ધીમે ધીમે આ પરિચય પ્રેમમાં પરિણમ્યો અને બંને વચ્ચે મુલાકાતોનો દોર શરૂ થયો હતો. આ દરમિયાન યુવકે સગીરાને લગ્નના બહાને પ્રેમજાળમાં ફસાવીને તેની સાથે અનેકવાર શરીરસુખ માણ્યું હતું. સગીરા પણ યુવકના વિશ્વાસમાં આવીને તેની સાથે ફરવા જતી હતી. આ શારીરિક સંબંધોને કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. ગર્ભવતી હોવાની જાણ થતાં સગીરાએ યુવકને લગ્ન માટે દબાણ કર્યું હતું. આ સમયે યુવકે સગીરાના પગ નીચેથી જમીન ખસેડી દે તેવો ધડાકો કર્યો હતો. તેણે જણાવ્યું કે તે પહેલેથી જ પરણીત છે અને તેને સંતાન પણ છે. પ્રેમમાં દગો મળતા અને પ્રેમીએ હાથ અધ્ધર કરી લેતા સગીરા ભાંગી પડી હતી. આ ઘટનાની જાણ સગીરાના પરિવારને થતાં તેઓએ રોષે ભરાઈને સગીરાને ઘરમાંથી કાઢી મૂકી હતી. મુશ્કેલીમાં મુકાયેલી સગીરાએ મહિલા હેલ્પલાઈન 181 ની મદદ માંગી હતી. અભયમની ટીમે તુરંત સ્થળ પર પહોંચી સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. એક તરફ સગીરા હજુ પણ પ્રેમી સાથે રહેવાની જીદ કરી રહી છે, તો બીજી તરફ તે સગીર હોવાથી અને તેની સુરક્ષાને ધ્યાને રાખીને હેલ્પલાઈનની ટીમે તેને કાયદાકીય સમજ આપી પાલનપુર ખાતે સુરક્ષિત સ્થળે ખસેડી છે.

# વાઘપુરામાં મોપેડની લાઈટથી અંજાતા ચાલક સહિત ત્રણને પાઈપથી ફટકાર્યા

આણંદ

આણંદ પાસેના સામરખા તાબેના વાઘપુરામાં મોપેડની લાઈટથી આંખ અંજાઈ જતાં આ મામલે ઠપકો આપી ચાર શખસોએ ત્રણ જણાંને લોખંડની પાઈપથી માર માર્યો હતો. વાઘપુરામાં રહેતા કમલેશભાઈ ગુલાબભાઈ પરમાર સોમવારે રાત્રિના સમયે વાઘપુરા હરિસિદ્ધિ નર્સરી સામેથી પસાર થતા હતા ત્યારે સામેથી અર્જુન રમણ પરમાર બાઈક લઈને આવતો હતો. જોકે, કમલેશના મોપેડની લાઈટ ખૂબ જ હોય તેના કારણે તેની આંખો અંજાઈ ગઈ હતી. જેને પગલે કમલેશને અર્જુને પાછો બોલાવી તારી મોપેડની લાઈટ ઓછી કર તેમ કહ્યું હતું.

જેને પગલે બંને વચ્ચે મામલો બીચક્યો હતો. અર્જુનનું ઉપરાણું લઈને તેના પિતા રમણ તેમજ તેના બે ભત્રીજા હાર્દિક જેસંગ પરમાર અને ભાર્ગવ જેસંગ પરમાર આવી ચઢ્યા હતા અને તેમણે લોખંડની પાઈપ લઈને મારવા ફરી વળ્યા હતા. વધુમાં આ મારામારીમાં વચ્ચે છોડાવવા પડેલા તેના પિતરાઈ ભાઈ હિતેશ અને સગા ભાઈ ભરતને પણ આ ચારેય શખસે ફટકાર્યા હતા. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ચારેય માથાભારે શખસ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આરટીઓ નિયમ મુજબ, વાહનોમાં આફ્ટરમાર્કેટ વ્હાઈટ એલઈડી કે એચઆઈડી લાઈટો લગાવવી ગેરકાયદેસર છે. આણંદમાં શહેરોમાં તેમજ અંતરીયાળ વિસ્તારોમાં ટુ વ્હીલર-ફોર વ્હીલરમાં આ પ્રકારની લાઈટો નાંખવામાં આવતી હોય છે. જેને પગલે સામેથી આવતા ચાલકોની આંખો અંજાઈ જવાને કારણે અકસ્માત સર્જાતા હોય છે. આરટીઓ નિયમ પ્રમાણે આ પ્રકારની લાઈટો વાહનોમાં હોય તો રૂપિયા 500 થી 5000 સુધીનો દંડ અને વાહન જપ્તીની કાર્યવાહી થઈ શકે છે. જોકે, નોંધનીય બાબત તો એ છે આણંદ આરટીઓ દ્વારા આ પ્રકારની કોઈ કાર્યવાહી જ કરવામાં આવી નથી.

# ઈડર પાલિકામાં 19મીએ નવા પ્રથમ મહિલા પ્રમુખની વરણી થશે

ઈડર

ઈડર નગરપાલિકામાં આગામી 19મી તારીખે નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થશે. આ સાથે શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વહીવટદાર શાસનનો અંત આવશે અને નગરપાલિકાને નવી બોડી મળશે.

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઈડર નગરપાલિકાની 28 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીએ 27 બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે એક બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે. પ્રથમ અઢી વર્ષ માટે સામાન્ય સ્ત્રી ઉમેદવારને પ્રમુખપદ સોંપવામાં આવશે. ભાજપમાંથી વિજેતા થયેલી છ મહિલા સદસ્યોમાંથી કોઈ એકને આ જવાબદારી મળશે. સાબરકાંઠા કલેક્ટર અને જિલ્લા મ્યુનિસિપલ અધિકારી દ્વારા જાહેર પ્રસિદ્ધિ કરવામાં આવી છે કે, ઈડર નગરપાલિકામાં 19મી ફેબ્રુઆરીના રોજ સવારે 11:00 કલાકે પ્રમુખની વરણી માટે પ્રથમ સામાન્ય સભા બેઠક બોલાવવામાં આવશે. નગરપાલિકા દ્વારા તમામ સદસ્યોને આ અંગેની નોટિસ પણ પાઠવી દેવામાં આવી છે. આ બેઠકમાં સર્વાનુમતે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે.

નવી બોડી મળવાથી ઈડર શહેરમાં વિકાસના નવા કામોને વેગ મળશે અને અધૂરા કામો પણ ઝડપથી પૂર્ણ થઈ શકશે. નગરજનો નવા પ્રમુખની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, કારણ કે છેલ્લા કેટલાક સમયથી પ્રમુખપદ માટે ઉમેદવારો વચ્ચે લોબિંગ શરૂ થઈ ગયું છે. ઉમેદવારો પોતાના સમર્થકો સાથે પાર્ટીના હોદ્દેદારોને મળી રહ્યા છે અને પોતાના ઉમેદવારને પ્રમુખ બનાવવા માટે ગોઠવણો કરી રહ્યા છે. આગામી 19મી તારીખે પાર્ટી કોને ઈડર નગરપાલિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપે છે તે જોવું રસપ્રદ રહેશે.

# મિડલ ઈસ્ટના યુદ્ધે સુરતના કાપડ ઉધોગની કમર તોડી નાખી

સુરત

સુરત સહિત દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ હાલ ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની સીધી અને આડકતરી અસર સુરતના કાપડ ઉદ્યોગ પર જોવા મળી રહી છે. છેલ્લા બે મહિનામાં એટલે કે 60 દિવસના ટૂંકા ગાળામાં દક્ષિણ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને અંદાજે 3000 કરોડનું મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા અસહ્ય વધારાને પગલે યાર્નના ભાવ આસમાને પહોંચ્યા છે, જેના કારણે ઉત્પાદન ખર્ચ વધ્યો છે પણ સામે લેવાલી ન હોવાથી હાલમાં ટેક્સટાઈલ ઉદ્યોગ માત્ર 50% ક્ષમતા પર ચાલી રહ્યો છે. ઉદ્યોગકારો હવે સરકાર પાસે તાકીદે રાહત પેકેજની માંગ કરી રહ્યા છે. સુરત સમગ્ર દેશમાં મેન-મેડ ફાઈબર (MMF) નું હબ ગણાય છે. યાર્નનું ઉત્પાદન સીધું ક્રૂડ ઓઈલ પર આધારિત છે. FOGWA (ફેડરેશન ઓફ ગુજરાત વીવર્સ એસોસિએશન)ના પ્રમુખ અશોક જીરાવાલાના જણાવ્યા અનુસાર, જ્યારે રો મટીરિયલ મોંઘું થાય ત્યારે કાપડ બનાવવાનો ખર્ચ વધે છે, પરંતુ બજારમાં તૈયાર કાપડના ખરીદદારો નથી. આ વિરોધાભાસી સ્થિતિને કારણે ઉદ્યોગકારોને દરરોજ કરોડો રૂપિયાનો ફટકો પડી રહ્યો છે.

આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. સુરતમાં દરરોજ કરોડો મીટર કાપડનું ઉત્પાદન થાય છે. નિષ્ણાતોના મતે, ઉત્પાદન ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચેના તફાવતને કારણે રોજનું અંદાજે 50 થી 60 કરોડનું ટર્નઓવર પ્રભાવિત થઈ રહ્યું છે. જો માત્ર નુકસાનની વાત કરવામાં આવે તો, છેલ્લા 60 દિવસમાં આ આંકડો 3000 કરોડને આંબી ગયો છે. આ આર્થિક ફટકો માત્ર વેપારીઓ પૂરતો સીમિત નથી, પરંતુ તેની અસર બેંકોના હપ્તા અને વ્યાજ ચક્ર પર પણ પડી રહી છે.

## ખેડા પોલીસ કે 'હપ્તા' ક્રાઈમ બ્રાન્ચ?

# LCBના 'કેવલ' રાજમાં બુટલેગરો અને જુગારીયાઓ બેફામ

નડિયાદ

ખેડા જિલ્લાની ખાખી આજે શરમથી ઝૂકી રહી છે, કારણ કે જેમના ખભા પર કાયદાના રક્ષણની જવાબદારી છે, તેઓ આજે બુટલેગરોના 'પગચંપી' કરી રહ્યા છે. ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના PI કેવલ વેકરિયા અને તેમની જોડીદાર વહીવટદારોની ટોળકી– મુકેશ બારોટ અને જયેશ રબારી– એ આખા જિલ્લાને પાપની પાઠશાળા બનાવી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાહેબે સ્પષ્ટ આદેશ આપ્યો છે: "ગમે તે કરો, પણ રોજનો હપ્તાનો ટાર્ગેટ પૂરો કરો!" શું હવે પોલીસનું કામ ગુના રોકવાનું નહીં, પણ કલેક્શન કરવાનું છે?

વહીવટદારોનું 'ગુંડારાજ': પોલીસના નામે પઠાણી ઉઘરાણી!

મુકેશ બારોટ અને જયેશ રબારી નામના આ બે 'વહીવટદારો' એ જાણે ખેડા જિલ્લામાં સમાંતર સરકાર ચલાવી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે.

* ડેઈલી ટાર્ગેટનો ખેલ: PI વેકરિયાએ આપેલા 'ડેઈલી કલેક્શન' ના ટાર્ગેટને પૂરો કરવા માટે આ વહીવટદારો બુટલેગરો અને જુગારીયાઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.

* ખાખીની છત્રછાયા: જો હપ્તો સમયસર પહોંચી જાય, તો તમે ગમે તેવો ગુનો કરો, LCB તમારી રક્ષા કરશે. આ ખેડા પોલીસ નથી, આ તો 'કેવલ એન્ડ કંપની' નું પ્રાઈવેટ લિમિટેડ કલેક્શન સેન્ટર છે!

નડિયાદમાં 'મેલિયા' નો જલસો: વડોદરાનો તડીપાર અહીં 'કિંગ'!

કેવી કરુણતા છે કે જેને વડોદરા પોલીસે લાત મારીને કાઢી મૂક્યો છે, તે અરુણ ઉર્ફે 'મેલિયો' આજે નડિયાદના કનિપુરા કબ્રસ્તાન ચોકડી પાસે પોલીસના નાકની નીચે ખુલ્લેઆમ જુગારધામ ચલાવે છે.




સવાલ: શું LCB ના આંધળા-બહેરા તંત્રને આ દેખાતું નથી? કે પછી મેલિયાના હપ્તાની ગરમીથી પીઆઈ સાહેબની એસી ઓફિસ ઠંડી રહે છે?

સવાલ: શું LCB ના આંધળા-બહેરા તંત્રને આ દેખાતું નથી? કે પછી મેલિયાના હપ્તાની ગરમીથી પીઆઈ સાહેબની એસી ઓફિસ ઠંડી રહે છે?

પાપના ગઢ: ક્યાં ચાલે છે હપ્તાની 'હાટડીઓ'?

1. ટુંડેલ-દાવડા (બુલેટ ટ્રેન પ્રોજેક્ટ): વસો પોલીસની હદમાં પ્રવીણ અને વસીમ નામના શખ્સો લાખોનો જુગાર રમાડે છે. વસો PI અને LCB ના મૌન પાછળ કેટલા 'ખોખા' છે, એ હવે જગજાહેર છે.

**PI વેકરિયાનો વરવો ચહેરો અને વહીવટદારોનો આતંક!**

2. પીજ ચોકડીનો આતંક: લિસ્ટેડ બુટલેગર રણજીત અહીં દારૂની નદીઓ વહાવે છે. કાઉન્સિલરના પુત્ર સાથેની માથાકૂટમાં રણજીતનો રૂઆબ એ સાબિત કરે છે કે તેને ખાખીનો નહીં, પણ ખાખીને તેનો (હપ્તાનો) મોહ છે.

3. તરબૂચનો દેખાડો: હાઈવે પર તરબૂચની આડમાં દારૂ પકડીને વાહ-વાહી મેળવતી LCB એ જવાબ આપવો જોઈએ કે જિલ્લાની અંદર ચાલતા 'રણજીત' અને 'મેલિયા' ના અડ્ડાઓ પર રેડ પાડતા કેમ પરસેવો છૂટે છે?

રાજકીય આકાઓ અને ખાખીનો 'અપવિત્ર' સંગમ!

નડિયાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના બે 'દાદા' નેતાઓના આશીર્વાદ વગર આ વહીવટ ચાલી શકે નહીં. રાજકીય દબાણ અને ઉપરની કમાણીના મોહમાં પોલીસ આજે યુવાધનને ગટરમાં ધકેલી રહી છે. ખેડા જિલ્લો હવે 'ઉડતા ખેડા' બનવાના પંથે છે.

### 'પાક્કો ગુજરાત'ના સણસણતા સવાલો :

* PI વેકરિયા: શું તમારો ટાર્ગેટ જનતાની સુરક્ષા છે કે પછી વહીવટદારો દ્વારા થતું કલેક્શન?

* મુકેશ અને જયેશ: તમે કયા અધિકારથી પોલીસના નામે હપ્તા ઉઘરાવો છો? શું તમને કાયદાનો કોઈ ડર નથી?

* ગૃહ રાજ્યમંત્રી: શું આપના પારદર્શક વહીવટમાં 'કેવલ રાજ' જેવા ભ્રષ્ટ અધિકારીઓ માટે કોઈ જગ્યા છે?

ખેડા જિલ્લાની જનતા હવે જાગી ગઈ છે. જેલના સળિયા અને ખાખી પરના ડાઘા ધોવા સુધી 'પાક્કો ગુજરાત' આ ભ્રષ્ટ ટોળકીનો પીછો છોડશે નહીં!

## માસૂમ બાળકે છત્રછાયા ગુમાવી

# ડિંડોલીમાં બિલ્ડર-કોન્ટ્રાક્ટરના પાપે આદિવાસી મહિલાનું મોત

સુરત

સુરતના ડિંડોલી વિસ્તારમાં નિર્માણ પામી રહેલી એક ઈમારત પરથી પટકાતા 20 વર્ષીય આદિવાસી શ્રમજીવી મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે મોટા બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો માટે શ્રમિકોના જીવની કોઈ કિંમત નથી. સેફ્ટીના સાધનો વગર ઉંચી ઈમારતો પર કામ કરાવતી આ મનસ્વી કંપનીઓની બેદરકારીએ આજે એક બે મહિનાના માસૂમ બાળક પાસેથી તેની માતા છીનવી લીધી છે.

મળતી માહિતી મુજબ, ડિંડોલી વિસ્તારમાં એક હાઈરાઈઝ બિલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું. અહીં મજૂરી કામ કરતી 20 વર્ષીય મહિલા શ્રમિક 10માં માળે કામ કરી રહી હતી ત્યારે અચાનક સંતુલન બગડતા તે સીધી નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાઓને કારણે મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે આસપાસના લોકોના પણ કાળજા કંપી ઉઠ્યા હતા. ઘટના બાદ આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે કામના સ્થળે સેફ્ટી નેટ (સુરક્ષા જાળી), હેલ્મેટ કે બેલ્ટ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નહોતી. માત્ર નફા પાછળ આંધળી બનેલી બિલ્ડર લોબી ગરીબ શ્રમિકોના લોહી પર પોતાની ઈમારતો ઉભી કરી રહી છે. આદિવાસી સંગઠનોએ માંગ કરી છે કે જવાબદાર બિલ્ડર અને કોન્ટ્રાક્ટર સામે માનવ વધનો ગુનો નોંધી તેમની તત્કાલિક ધરપકડ કરવામાં આવે. આ કરૂણતાની સૌથી મોટી પીડા એ છે કે મૃતક મહિલાને માત્ર બે મહિનાનું જ બાળક છે. જે માસૂમને હજુ દુનિયાની પણ ખબર નથી, તેની મા આ દુનિયા છોડીને ચાલી ગઈ છે. બિલ્ડરની બેદરકારીએ એક હસતા-રમતા પરિવારને વિખેરી નાખ્યો છે. આ અનાથ બનેલા બાળકના ભવિષ્યની જવાબદારી કોણ લેશે? શું પ્રશાસન આ મામલે કડક પગલાં ભરીને પીડિત પરિવારને યોગ્ય વળતર અપાવશે કે પછી દર વખતની જેમ ભીનું સંકેલાઈ જશે? ડિંડોલી પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જોકે, આદિવાસી સમાજના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી બિલ્ડર અને કોન્ટ્રાક્ટર સામે કડક કાયદાકીય પગલાં નહીં લેવામાં આવે અને પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ શાંત નહીં બેસે.

## DRI વાપીની ટીમે મુખ્ય સૂત્રધારની કરી ધરપકડ

# સુરત SEZમાં 2,000 કરોડનું મહાકૌભાંડ

સુરત

કેન્દ્ર સરકારની મેક-ઈન-ઈન્ડિયા અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એટલે કે SEZ જેવી મહત્વકાંક્ષી યોજનાઓનો દુરુપયોગ કરીને આચરવામાં આવતા એક ભયાનક મની લોન્ડરિંગ કૌભાંડનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) વાપીની ટીમે એક મોટી કાર્યવાહી કરતા સુરત SEZમાં ચાલતા અંદાજે 2,000 કરોડ રૂપિયાથી વધુના હવાલા કૌભાંડને ઝડપી પાડ્યું છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર મોન્ટુ હર્ષદ ગાંધીની ધરપકડ કરવામાં આવતા ફાળફાટ વ્યાપી ગઈ છે.

મળતી વિગતો મુજબ, સુરત SEZમાં આવેલી નકલાંગ જ્વેલર્સ નામની પેઢી દ્વારા આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા SEZ એકમોને આપવામાં આવતી કરમુક્તિ અને અન્ય પ્રોત્સાહક નિયમોનો ફાયદો ઉઠાવીને આ પેઢી દ્વારા કરોડો રૂપિયાનું મની લોન્ડરિંગ કરવામાં આવતું હોવાની આશંકા છે. માત્ર કાગળ પર કામગીરી બતાવી અથવા ખોટા બિલિંગ દ્વારા દેશના નાણાં




**SEZમાં આવેલી નકલાંગ જ્વેલર્સ નામની પેઢી દ્વારા આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું**

બહાર મોકલવાનું આ મોટું નેટવર્ક હોવાનું સામે આવ્યું છે.

DRI વાપીની ટીમને આ કૌભાંડ અંગે ગુપ્ત માહિતી મળી હતી, જેના આધારે લાંબા સમયથી વોચ રાખવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે નકલાંગ જ્વેલર્સ દ્વારા કરવામાં આવેલા વ્યવહારો શંકાસ્પદ હતા અને તેની પાછળ કોઈ મોટું હવાલા રેકેટ કામ કરી રહ્યું હતું. કડક પૂછપરછ અને દસ્તાવેજોની ચકાસણી બાદ મુખ્ય સૂત્રધાર મોન્ટુ હર્ષદ ગાંધીની ધરપકડ કરવામાં આવી છે. તપાસની આંચ હજુ ઘણા મોટા માથાઓ સુધી પહોંચી શકે છે.

જ્યાં એક તરફ સરકાર દેશના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે કાયદાઓ હળવા કરી રહી છે, ત્યાં બીજી તરફ આવા તત્વો સિસ્ટમની નબળાઈનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. 2,000 કરોડ રૂપિયા જેવી માતબર રકમના આ કૌભાંડથી સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો છે. DRI હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નાણાં કયા દેશોમાં મોકલવામાં આવ્યા અને આ નેટવર્ક સાથે અન્ય કઈ પેઢીઓ જોડાયેલી છે.

આ કેસની વધુ વિગતો આગામી દિવસોમાં કોર્ટ કાર્યવાહી દરમિયાન બહાર આવશે. હાલમાં તો સુરતના જ્વેલરી બજાર અને SEZ એકમોમાં આ કૌભાંડ ચર્ચાનો વિષય બન્યું છે.

## રોકાણકારોના નાણાં ડૂબ્યા!

# ગિફ્ટ સિટીમાં 'મહાઠગ': શૂટ સ્પેસના MD ઉત્પલ પટેલનું 400 કરોડનું કૌભાંડ

### ગાંધીનગર પહોંચેલા રોકાણકારોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, "અમે અમારી જીવનભરની કમાણી આ કંપનીમાં લગાવી દીધી છે

ગાંધીનગર

ગુજરાતના ગિફ્ટ સિટીના નામે વધુ એક મોટું આર્થિક કૌભાંડ સામે આવતા સનસનાટી મચી ગઈ છે. 'શૂટ સ્પેસ' (Shoot Space) કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (MD) ઉત્પલ પટેલે રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી અંદાજે રૂ. 400 કરોડનું ફૂલેકું ફેરવ્યું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આજે મોટી સંખ્યામાં છેતરાયેલા રોકાણકારો ન્યાયની આશા સાથે ગાંધીનગર CID ક્રાઈમની કચેરીએ દોડી ગયા હતા.

રોકાણકારોએ CID ક્રાઈમ સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા છે કે, 400 કરોડનું કૌભાંડ આચર્યા પછી પણ ઉત્પલ પટેલ હજુ અટક્યો નથી.

* નવી વેબસાઈટનો ખેલ: આરોપીએ હવે એક નવી વેબસાઈટ બનાવી છે, જેના દ્વારા તે ફરીથી લોકોને જાળમાં ફસાવી રહ્યો છે.

* ક્રિપ્ટો કરન્સીનું બહાનું: આ નવી સાઈટ પર ક્રિપ્ટો કરન્સીના નામે સભ્ય બનાવવા માટે લોકો પાસેથી રૂ. 1,000-1,000 ઉઘરાવવામાં આવી રહ્યા છે.

* ડિજિટલ છેતરપિંડી: રોકાણકારોનું કહેવું છે કે જૂના પૈસા પાછા આપવાને બદલે આરોપી નવા બહાના હેઠળ વધુ નાણાં ખંખેરી રહ્યો છે.

ઉત્પલ પટેલે ગિફ્ટ સિટી જેવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટમાં ઓફિસ અને શૂટિંગ સ્પેસના નામે રોકાણકારોનો વિશ્વાસ જીત્યો હતો. મધ્યમવર્ગીય પરિવારોથી લઈને મોટા વેપારીઓએ પણ લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું. પરંતુ સમય જતાં વળતર મળવાનું બંધ થયું અને કંપનીની ઓફિસોને તાળા લાગી જતાં રોકાણકારોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

CID ક્રાઈમમાં રોકાણકારોનો હલ્લાબોલ

ગાંધીનગર પહોંચેલા રોકાણકારોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, 'અમે અમારી જીવનભરની કમાણી આ કંપનીમાં લગાવી દીધી છે. હવે જ્યારે અમે પૈસા માંગીએ છીએ, ત્યારે આરોપી નવી નવી સ્કીમો બતાવીને ગેરમાર્ગે દોરી રહ્યો છે.' રોકાણકારોએ માંગ કરી છે કે:

1. ઉત્પલ પટેલની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.

2. તેની મિલકતો જપ્ત કરીને રોકાણકારોના નાણાં પરત અપાવવામાં આવે.

3. તેની નવી વેબસાઈટ અને ક્રિપ્ટો કરન્સીના નામે ચાલતા ગેરકાયદે ઉઘરાણાં બંધ કરાવવામાં આવે.

CID ક્રાઈમે આ મામલે રજૂઆત સ્વીકારીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. શું આ મામલે કોઈ મોટા માથાઓની સંડોવણી છે? શું રોકાણકારોને તેમના મહેનતના પૈસા પાછા મળશે? પાક્કો ગુજરાત આ કૌભાંડના દરેક અપડેટ પર નજર રાખશે.

## રાજકોટમાં બિલ્ડર પુત્રનો 'નબીરાશાહી' નશો

# બેફામ સ્પીડે કાર હંકારી 4 કાર અને 1 બાઈકનો કચ્ચરઘાણ વાળ્યો

રાજકોટ

રાજકોટના રાજમાર્ગો પર ફરી એકવાર નબીરાએ કાયદાના લીરેલીરા ઉડાડ્યા છે. શહેરના પોશ ગણાતા વિસ્તારમાં એક જાણીતા બિલ્ડરના પુત્રએ પોતાની આલીશાન કાર હવામાં ઉડાડતા હોય તેમ હંકારી માર્ગ પર ઉભેલા ૪ ચાર પૈડાં વાહનો અને ૧ મોટરસાઈકલને અડફેટે લીધા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી છે.



મળતી માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રે રાજકોટના [વિસ્તારનું નામ, દા.ત. કાલાવડ રોડ કે નિર્મલા રોડ] પર પૂરપાટ ઝડપે આવી રહેલી એક લક્ઝુરિયસ કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેફામ બનેલી આ કારે રસ્તાના કાંઠે પાર્ક કરેલી અને પસાર થતી ૪ કારને જોરદાર ટક્કર મારી હતી. આટલેથી ન અટકતા, કારે એક બાઈક સવારને પણ અડફેટે લીધો હતો.

અકસ્માતનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. લોકોએ જોયું તો એક નબીરો નશામાં હોય અથવા બેફામ સ્પીડમાં હોય તેમ કાર ચલાવી રહ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે પ્રાથમિક તપાસમાં અકસ્માત સર્જનાર યુવાન શહેરના એક મોટા બિલ્ડરનો પુત્ર હોવાનું સામે આવ્યું છે.

અકસ્માતગ્રસ્ત વાહનોને પોલીસ મથકે ખસેડવામાં આવ્યા છે.

નબીરો નશાની હાલતમાં હતો કે કેમ તે જાણવા માટે તેના બ્લડ સેમ્પલ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ભોગ બનનાર વાહન ચાલકોની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી નબીરાઓ દ્વારા અકસ્માત સર્જવાની ઘટનાઓ વધી રહી છે. સામાન્ય જનતામાં ફફડાટ છે કે શું પૈસાના જોરે આ નબીરાઓ નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકતા રહેશે? પોલીસ આ મામલે કેટલી કડક કાર્યવાહી કરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

### PM મોદીનો 5 દેશોનો મહાસંકલ્પ

# ભારત બનશે ગ્લોબલ પાવર હાઉસ!

■ **5 દિવસીય પ્રવાસ દરમિયાન પીએમ મોદી યુએઈ (UAE), નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઈટાલીની મુલાકાત લઈને વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વગાડશે**



નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 15 થી 20 મે દરમિયાન દેશહિત માટે એક અત્યંત મહત્વના અને વ્યૂહાત્મક વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે. ઘણીવાર લોકો વિદેશ પ્રવાસને માત્ર મુલાકાત તરીકે જોતા હોય છે, પરંતુ વાસ્તવિકતામાં આ પ્રવાસ કોઈ શોખ માટે નહીં પણ ભારતની આંતરરાષ્ટ્રીય સાખ વધારવા અને દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે છે. આ 5 દિવસીય પ્રવાસ દરમિયાન પીએમ મોદી યુએઈ (UAE), નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઈટાલીની મુલાકાત લઈને વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વગાડશે.

આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની વ્યૂહાત્મક, આર્થિક અને ટેકનોલોજીકલ ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. ખાસ કરીને ગલ્ફ દેશોમાં યુએઈ સાથેના સંબંધો ભારતની ઉર્જા સુરક્ષા માટે કરોડરજ્જુ સમાન છે.

તો બીજી તરફ યુરોપિયન દેશો સાથે વેપાર, સંરક્ષણ અને સ્પેસ ટેકનોલોજી જેવા અત્યાધુનિક ક્ષેત્રોમાં કરારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

આ પ્રવાસનું એક મુખ્ય આકર્ષણ ઓસ્લોમાં યોજાનારી ત્રીજી ભારત-નોર્ડિક સમિટ છે. જેમાં પીએમ મોદી ખાસ હાજરી આપીને નોર્વે, સ્વીડન જેવા દેશો સાથે ક્લીન એનર્જી અને બ્લુ ઈકોનોમી જેવા વિષયો પર મહત્વની ચર્ચા કરશે. આ સમિટ ભારત માટે ટેકનોલોજી ટ્રાન્સફર અને વિદેશી રોકાણ લાવવા માટે સુવર્ણ તક સાબિત થશે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ જ્યારે સંબંધો જાળવવાની વાત આવે ત્યારે દેશના વડાપ્રધાન આખા ભારતનું પ્રતિનિધિત્વ કરતા હોય છે. આ પ્રવાસો દ્વારા જ વિદેશી કંપનીઓ ભારતમાં ફેક્ટરીઓ નાખે છે અને રોજગારીની તકો ઉભી થાય છે. વિરોધના નામે ખોટી વાતો કરવાને બદલે, દેશના હિતમાં લેવાઈ રહેલા આ પગલાંને સપોર્ટ કરવો એ દરેક નાગરિકની ફરજ છે. ભારત હવે વિશ્વગુરુ બનવા તરફ ડગ માંડી રહ્યું છે ત્યારે પીએમ મોદીનો આ પ્રવાસ તે દિશામાં એક મોટું અને નિર્ણાયક કદમ સાબિત થશે.

### યાદવ પરિવારમાં શોકનું મોજું

# અખિલેશ યાદવના ભાઈ પ્રતીક યાદવનું 38 વર્ષની વયે નિધન

લખનઉ

સમાજવાદી પાર્ટીના ગઢ ગણાતા યાદવ પરિવારમાંથી આજે અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે. સપા સુપ્રીમો અખિલેશ યાદવના સાવકા ભાઈ અને દિવંગત મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર પ્રતીક યાદવનું માત્ર 38 વર્ષની નાની વયે નિધન થયું છે. બુધવારે 13મી મેના રોજ સવારે અચાનક તબિયત લથડતા તેમને લખનઉની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે ડોક્ટરો તેમને બચાવી શક્યા નહોતા.

સિવિલ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ, જ્યારે પ્રતીક યાદવને હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા ત્યારે તેઓ પહેલેથી જ મૃત્યુ પામી ચૂક્યા હતા. હજુ સુધી તેમના મૃત્યુનું સચોટ કારણ બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ હૃદયરોગનો હુમલો હોવાની આશંકા સેવાઈ રહી છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા લખનઉથી લઈને સૈફઈ સુધી શોકનું મોજું ફરી વળ્યું છે.

મુલાયમ સિંહના નાના પુત્ર અને અપર્ણા યાદવના પતિ



પ્રતીક યાદવ સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવ અને તેમની બીજી પત્ની સાધના ગુપ્તાના પુત્ર હતા.

રાજકારણથી દૂર રહીને તેઓ બિઝનેસ અને ફિટનેસ ક્ષેત્રે સક્રિય હતા. તેઓ ભાજપના નેતા અપર્ણા યાદવના પતિ હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી આ દંપતી વચ્ચે પારિવારિક અણબનાવ અને વિખવાદના સમાચારો સોશિયલ મીડિયા અને રાજકીય ગલિયારામાં ચર્ચાતા રહ્યા હતા, તેમ છતાં તેઓ પરિવાર સાથે જ રહેતા હતા.

મુલાયમ સિંહ યાદવના નિધન બાદ પરિવાર હજુ માંડ બેઠો થયો હતો ત્યાં ફરી એકવાર યાદવ પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

38 વર્ષની ઉંમરે પ્રતીક યાદવના નિધનથી અખિલેશ યાદવ સહિત સમગ્ર પરિવાર સ્તબ્ધ છે. યાદવ પરિવારના સમર્થકો અને સમાજવાદી પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં તેમના નિવાસસ્થાને ઉમટી રહ્યા છે. પ્રતીક યાદવ રાજકારણમાં સીધા સક્રિય નહોતા પરંતુ પરિવારમાં તેમનું મહત્વનું સ્થાન હતું.

# સત્તાના નશામાં દીકરો બેફામ? કેન્દ્રીય મંત્રીના પુત્ર પર દુષ્કર્મનો ગંભીર આરોપ

### સવાલ એ થાય છે કે શું સત્તા પક્ષના હોવાથી તેમને કાયદાનો કોઈ ડર નથી?

હૈદરાબાદ

દેશમાં મહિલા સુરક્ષાની વાતો વચ્ચે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેન્દ્રની ભાજપ સરકારના મંત્રી બંદી સંજયના દીકરા ભગીરથ પર એક 17 વર્ષની સગીરા પર દુષ્કર્મ કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ ઘટના બાદ તેલંગાના પોલીસ આરોપીને શોધી રહી છે.

એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે તે ધરપકડથી બચવા માટે અન્ય રાજ્યોમાં છુપાઈ શકે છે. જો ગુજરાતમાં ક્યાંય પણ આ શખ્સ નજરે પડે તો તાત્કાલિક તેલંગાના પોલીસને જાણ કરવા માટે અપીલ કરવામાં આવી છે.

દેશભરમાં ચર્ચા જાગી છે કે આઝાદી પછી કદાચ જ કોઈ પક્ષના શાસનમાં નેતાઓના પરિવારો કે કાર્યકરો આટલા બેફામ બન્યા હોય.



કેન્દ્રીય મંત્રીઓથી લઈને સામાન્ય કાર્યકરો સુધી, વારંવાર મહિલા અત્યાચાર, આદિવાસીઓ પર અત્યાચાર અને સામાન્ય જનતા પર ગુંડાગીરીના કિસ્સાઓ સામે આવતા રહે છે. સવાલ એ થાય છે કે શું સત્તા પક્ષના હોવાથી તેમને કાયદાનો કોઈ ડર નથી? આવી ઘટનાઓ રોજબરોજ શહેરોમાં બનતી હોવા છતાં તંત્ર મૌન કેમ સેવે છે?

દેશના 22 રાજ્યોમાં ભાજપ અને તેના ગઠબંધનનું શાસન હોવા છતાં જનતામાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે જે રીતે ઈવીએમ (EVM) પર શંકા વ્યક્ત કરી છે, તે હવે જનતાના અવાજ સમાન બની રહી છે. વિપક્ષનો આરોપ છે કે ચૂંટણી પંચ, સરકારી તંત્ર અને મીડિયાના અમુક વર્ગના સાથથી જ આ બધું શક્ય બની રહ્યું છે.

### નકામા અધિકારીઓ-નેતાઓની થશે રજા?

# કેન્દ્ર સરકારનો માસ્ટર પ્લાન! સિસ્ટમમાં થશે સર્જિકલ સ્ટ્રાઈક

નવી દિલ્હી

દેશને સાચા અર્થમાં વિકસિત ભારત બનાવવા માટે કેન્દ્ર સરકાર હવે અત્યાર સુધીનો સૌથી કડક અને મોટો નિર્ણય લેવાની તૈયારીમાં હોવાના સંકેત મળી રહ્યા છે. આ નિર્ણયથી માત્ર વહીવટી તંત્ર જ નહીં, પણ દેશના રાજકીય માળખામાં પણ નવી ઉર્જાનો સંચાર થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આવનારા સમયમાં કેન્દ્ર સરકાર રાજ્યોના પદાધિકારીઓ અને કર્મચારીઓ માટે એવા કડક માપદંડો લાવી રહી છે, જે શાસન વ્યવસ્થાનો ચહેરો બદલી નાખશે. સરકાર હવે દરેક રાજ્યમાં ઊંડું સંશોધન કરાવશે. જે રાજ્યોમાં ભેળસેળ, શોષણ, હત્યાઓ, જ્ઞાતિવાદ, કોમવાદ, ચોરી, લૂંટફાટ, ઘુસણખોરી, નક્સલવાદ અને આતંકવાદ જેવી સમસ્યાઓ બેકાબૂ હશે, ત્યાંની સરકારોના બિનકાર્યક્ષમ કર્મચારીઓ, ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને સીધા જ ઘરભેગા કરી દેવામાં આવે તો નવાઈ નહીં.

# અજિત પવારના હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગ પાછળ શું કોઈ 'તંત્ર-મંત્ર'નો ખેલ..?

### "પુલવામા અને પહલગામના જવાબ હજુ સુધી કેમ નથી?" – રાજ્યસભા સાંસદનો સીધો પ્રહાર

મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના રાજકારણમાં દિગ્ગજ નેતા અજિત પવારના હેલિકોપ્ટરનું તાજેતરમાં થયેલું ઈમરજન્સી લેન્ડિંગ હવે ચર્ચાનો વિષય બન્યું છે. પરંતુ આ વખતે ચર્ચા ટેકનિકલ ખામીની નહીં, પણ 'અંધશ્રદ્ધા' અને 'તંત્ર-મંત્ર'ની થઈ રહી છે. ઘટનાસ્થળ પર પહોંચેલા અમારા પ્રતિનિધિના ગ્રાઉન્ડ રિપોર્ટમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે.

જે સ્થળે અજિત પવારનું હેલિકોપ્ટર ઉતારવામાં આવ્યું હતું, તે ગામના લોકોમાં અત્યારે ભારે ગણગણાટ જોવા મળી રહ્યો છે. કેટલાક સ્થાનિકોએ કેમેરા સામે દાવો કર્યો છે કે, પ્લેન ક્રેશ જેવી સ્થિતિ સર્જાય તે પહેલા અથવા તે દરમિયાન વિસ્તારમાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા 'તંત્ર-મંત્ર'ની વિધિ કરવામાં આવી હતી.

ગામના કેટલાક વડીલોનું કહેવું છે કે ત્યાં ગુપ્ત રીતે પૂજા પાઠ અને બકરાની બલિ આપવામાં આવી હોવાની આશંકા છે. ખેતરોમાં પૂજાની સામગ્રી મળી હોવાની વાતો પણ વહેતી થઈ છે, જેને પગલે સોશિયલ મીડિયા પર અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

જ્યાં હેલિકોપ્ટર લેન્ડ થયું તે ખેતરના માલિક અને આસપાસના લોકોમાં આ ઘટનાને લઈને ભારે કુતૂહલ અને ક્યાંક રોષ પણ છે. સ્થાનિકોનું કહેવું છે કે, 'રાજકીય નેતાઓ ગમે તે કરે, પણ આ કોઈ 'દાદાનું ખેતર' નથી કે ગમે ત્યારે આવી રીતે વિધિઓ કે લેન્ડિંગ થાય.' ખેતરના માલિકો પોતાની જમીન પર થયેલી આ હલચલથી અજાણ હોવાનું જણાવી રહ્યા છે.

અજિત પવારના સમર્થકો આ વાતોને પાયાવિહોણી ગણાવી રહ્યા છે અને તેને વિરોધીઓનું માનસિક કાવતરું ગણાવી રહ્યા છે. બીજી તરફ, અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિએ પણ આ બાબતે તપાસની માંગ કરી છે.

* શું ખરેખર રાજકીય સફળતા કે સુરક્ષા માટે આવા નુસખા અપનાવવામાં આવ્યા?

* કે પછી આ માત્ર ગ્રામીણ વિસ્તારમાં ફેલાયેલી એક અફવા છે?

તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ

પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર આ મામલે મૌન સેવી રહ્યું છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર લોકોમાં આ 'તંત્ર-મંત્ર'ની વાત વાયુવેગે ફેલાઈ રહી છે. વિજ્ઞાનના યુગમાં જ્યારે ટેકનિકલ ખામીને કારણે લેન્ડિંગ થયું હોવાનું મનાય છે, ત્યારે આ પ્રકારના દાવાઓએ નવી ચર્ચા છેડી દીધી છે.

# ભારતની એક એવી જ્ઞાતિ જ્યાં વાઘને ભાઈ માનવામાં આવે છે, સાસરે પહોંચતા જ દુલ્હન આપે છે મરઘીની બલિ

ઈટાનગર

આપણો દેશ વિવિધતાઓથી ભરેલો છે અને અહીં એવી એવી પરંપરાઓ જોવા મળે છે જે સાંભળીને ગમે તેવા લોકો પણ ચોંકી જાય. હાલમાં અરુણાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં વસતી ગાલો જ્ઞાતિની આવી જ એક અજીબોગરીબ પરંપરા સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે. આ સમાજમાં લગ્ન બાદ જ્યારે દુલ્હન પહેલીવાર સાસરે પહોંચે છે ત્યારે તેનું સ્વાગત કોઈ ફૂલહારથી નહીં પરંતુ લોહીની બલિ ચઢાવીને કરવામાં આવે છે. ગાલો જ્ઞાતિમાં પ્રચલિત પરંપરા મુજબ, જ્યારે



દુલ્હન પોતાના સાસરે પહોંચે છે, ત્યારે તેને ઘરના ઉંબરે ઉભી રાખવામાં આવે છે. ત્યાં તેણે પોતાના હાથે એક મરઘીની બલિ આપવી પડે છે. આ પરંપરા પાછળ એવી માન્યતા છે કે આમ કરવાથી નવા પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે અને અનિષ્ટ શક્તિઓ ઘરથી દૂર રહે છે. આ દ્રશ્ય જોઈને કોઈ પણ વ્યક્તિ એકવાર તો હચમચી જાય પરંતુ આ લોકો માટે તે પેઢીઓથી ચાલી આવતી ધાર્મિક વિધિ છે. ગાલો લોકોની બીજી એક અત્યંત ચોંકાવનારી વાત એ છે કે તેઓ વાઘને પોતાના સગા ભાઈ સમાન માને છે. જો ભૂલથી પણ કોઈ વાઘનું મૃત્યુ થાય તો આખો સમાજ શોક મનાવે છે. શિકાર કરાયેલા અન્ય જાનવરો પ્રત્યે પણ તેમની શ્રદ્ધા અનોખી છે. શિકાર કરાયેલા જાનવરોના માથાને તેઓ પોતાના ઘરમાં અથવા પવિત્ર સ્થાને સ્થાપિત કરે છે અને તેને મંદિરની જેમ પૂજે છે. તેમનું માનવું છે કે આ માથા તેમના ઘરનું રક્ષણ કરે છે. અરુણાચલ પ્રદેશના ગાઢ જંગલો અને પહાડોની વચ્ચે વસતો આ સમાજ આજે પણ પોતાની સદીઓ જૂની આદિમ પરંપરાઓને વળગી રહ્યો છે. વહેલી સવારથી જ અહીંના ઘરોની બહાર લોકોના ટોળા ઉમટી પડે છે અને વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. આધુનિક દુનિયાથી કપાયેલા આ લોકોની જીવનશૈલી અને ખાસ કરીને લગ્ન સમયે અપાતી બલિની આ પ્રથા પ્રવાસીઓ અને સંશોધકો માટે કુતૂહલનો વિષય બની છે.

# મણિપુરમાં ભારેલો અગ્નિ: શાંતિ મંત્રણા માટે જતા 3 કુકી ધર્મગુરુની ગોળી મારી હત્યા

નવી દિલ્હી

મણિપુરમાં ચાલી રહેલા વંશીય સંઘર્ષની વચ્ચે એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે. કાંગપોકપી જિલ્લામાં શાંતિ અને સમાધાનના ઉમદા હેતુ માટે કાર્યરત ત્રણ કુકી ખ્રિસ્તી ધર્મગુરુ પર ઘાતકી હુમલો કરાયો છે. આ હુમલામાં સ્થાનિક સ્તરે જાણીતા અને લોકપ્રિય રેવરેન્ડ વી. સીતલ્હૌ (Rev V Sitlhou) સહિત ત્રણ વરિષ્ઠ (ધાર્મિક) નેતાઓએ પણ જીવ ગુમાવ્યા છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, થાદુ બેપ્ટિસ્ટ એસોસિએશન (TBA) અને યુનાઈટેડ બેપ્ટિસ્ટ કાઉન્સિલ (UBC) ના પ્રતિનિધિઓ ચુરાચાંદપુરથી કાંગપોકપી તરફ જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. તેઓ નાગાલેન્ડમાં આયોજિત શાંતિ મંત્રણામાં હાજરી આપવા ગયા હતા. આ ધર્મગુરુઓ અહીંના વિવિધ સમુદાય વચ્ચે સુમેળ સ્થાપવાના પ્રયાસોમાં જોડાયેલા હતા. આ દરમિયાન રસ્તામાં સશસ્ત્ર હુમલાખોરોએ તેમના વાહનો પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં પાંચ અન્ય લોકો પણ ઘાયલ થયા છે, જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે.

આ ઘટના બાદ 'કુકી ચર્ચના ત્રણ ધર્મગુરુની હત્યા' થઈ હોવાના અનેક અહેવાલો પ્રસારિત થયા હતા. જો કે, સોશિયલ મીડિયામાં કેટલાક લોકોએ દાવો કર્યો છે કે, મણિપુરમાં ખોટી ઓળખને કારણે, થાદુ લોકોએ ભારે કિંમત ચૂકવી છે અને તેઓ મણિપુરમાં તમામ બાજુથી ચાલી રહેલી વંશીય હિંસાના સૌથી ખરાબ ભોગ બન્યા છે. થાદુ એ કુકી નથી પરંતુ અલગ છે. થાદુ બેપ્ટિસ્ટ એસોસિએશન (TBA) એ કુકી ક્રિશ્ચિયન લીડર્સ ફોરમ (KCLF), કુકી બેપ્ટિસ્ટ કન્વેન્શન (KBC) કે કુકી ક્રિશ્ચિયન ચર્ચ (KCC)નો હિસ્સો નથી.

મણિપુરમાં મે 2023 શરૂ થયેલી હિંસામાં અત્યાર સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. અગાઉ પણ ધાર્મિક સ્થાનો અને નેતાઓને નિશાન બનાવવાની ઘટનાઓ બની છે. હાલની ઘટનાએ વર્ષ 2023ની યાદો તાજી કરી દીધી છે, જેમાં મણિપુરના વિવિધ વિસ્તારોમાં ચર્ચ પર હુમલા થયા હતા. કુકી સંગઠનોએ આ ઘટનાને 'પૂર્વાયોજિત ષડયંત્ર' ગણાવ્યું છે. તેમનો આરોપ છે કે આ હુમલો શાંતિ પ્રક્રિયાને પાટા પરથી ઉતારવા માટે કરાયો છે.

### પેપર લીક કે લોકશાહીનું મરણ?

# વિદ્યાર્થીઓના લોહીથી ખરડાયેલી ભ્રષ્ટ સિસ્ટમની કલમ : હવે તો શરમ કરો!

નવી દિલ્હી

ભારતનો યુવાન આજે પરીક્ષા આપવા નથી જતો, પણ પોતાના સપનાની લાશને કાંધ આપવા જાય છે. 'પેપર લીક' હવે કોઈ અકસ્માત નથી, પણ એક સુનિયોજિત 'ક્રાઈમ' છે, જેની પાછળ સફેદ કોલર ધરાવતા રાક્ષસોનો હાથ છે. જે હાથમાં પેન હોવી જોઈએ, એ હાથમાં આજે આક્રોશની મશાલ છે. આ દેશમાં દૂધ મોંઘું છે, અનાજ મોંઘું છે, પણ એક મધ્યમવર્ગીય યુવાનનું ભવિષ્ય તદ્દન સસ્તું છે, જે ગમે ત્યારે બજારમાં વેચાય છે!

જ્યારે કોઈ પેપર ફૂટે છે, ત્યારે માત્ર એક પ્રશ્નપત્ર બહાર નથી આવતું, પણ તંત્રની નબળાઈ અને સત્તાધીશોની નિર્લજ્જતા બહાર આવે છે.

કરોડોનું ટર્નઓવર, શૂન્ય નૈતિકતા: આ પેપર લીક પાછળ હજારો કરોડનું કૌભાંડ ચાલે છે. જ્યારે સત્તાધારીઓ 'ઝીરો ટોલરન્સ'ની વાતો કરે છે, ત્યારે ખરેખર તો 'ઝીરો રિઝલ્ટ' જ જોવા મળે છે.

ગરીબની મજાક: એક મજૂરનો દીકરો જ્યારે ભૂખ્યા પેટે રાતભર લાઈટના થાંભલે બેસીને ભણે છે, ત્યારે એને ખબર નથી હોતી કે એના ભાગ્યનો ફેંસલો તો કોઈ એસી ઓફિસમાં બેઠેલો ભ્રષ્ટ અધિકારી પહેલેથી જ કરી ચૂક્યો છે.

દુનિયા મંગળ પર પહોંચી ગઈ અને આપણી સરકારો એક 'સીલબંધ' કવર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવામાં નિષ્ફળ જાય છે. શું આ ટેકનિકલ ખામી છે? ના! આ દાનતની ખામી છે.

સરકારને ચેતવણી છે: યુવાનોના આક્રોશને લાચારી ન સમજતા. જે યુવાન આખા પુસ્તકો ગોખી શકે છે, એ આવતીકાલે તમારો 'તખ્તો' પણ ઉથલાવી શકે છે.

વિદ્યાર્થીઓને હવે પેપર લીકની આદત નહીં, પણ આ લડાઈને અંજામ સુધી પહોંચાડવાની જીદ હોવી જોઈએ.

સવાલ જેનો જવાબ કોઈની પાસે નથી:

૧. જે એજન્સીઓ પેપર છાપે છે, એમના પર હજુ સુધી બુલડોઝર કેમ નથી ચાલ્યા?

૨. 'મોટા માથાઓ'ના નામ કેમ ક્યારેય સાર્વજનિક નથી થતા?

૩. શું આ દેશમાં મહેનતની કોઈ કિંમત જ નથી?

નિષ્કર્ષ: છેલ્લો પ્રહાર

પાક્કો ગુજરાત આક્રમક રીતે પૂછે છે કે, જો તમે એક પેપર સાચવી શકતા નથી, તો દેશ શું સાચવશો? આ 'પેપર લીક' એ દેશના ભવિષ્યની હત્યા છે અને આ હત્યાનો ગુનો સીધો સિસ્ટમ પર લાગે છે. હવે તપાસના નાટક બંધ કરો અને યુવાનોને ન્યાય આપો, નહીંતર ઈતિહાસ તમને ક્યારેય માફ નહીં કરે.


### મજબૂત નેતૃત્વ અને શિસ્તબદ્ધ કાર્યશૈલીથી ચર્ચાતાં

# વડાપ્રધાન મોદીના વ્યક્તિત્વ પાછળનું રહસ્ય, મોટા ભાઈ સોમાભાઈએ સંઘના દિવસોને કર્યા યાદ

અમદાવાદ

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વ અને શિસ્તબદ્ધ કાર્યશૈલીની ચર્ચા આખા વિશ્વમાં થાય છે, પરંતુ આ ગુણો તેમનામાં ક્યાંથી આવ્યા? આ સવાલનો જવાબ પીએમ મોદીના સૌથી મોટા ભાઈ સોમાભાઈ મોદીએ આપ્યો છે. સોમાભાઈએ વડાપ્રધાનના બાળપણના સંસ્મરણો વાગોળતા જણાવ્યું છે કે નરેન્દ્ર મોદીમાં નેતૃત્વ અને શિસ્તના બીજ નાનપણથી જ રોપાઈ ગયા હતા.

સોમાભાઈના જણાવ્યા અનુસાર, નરેન્દ્ર મોદી જ્યારે નાના હતા ત્યારથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે આરએસએસમાં જોડાઈ જવા માંગતા હતા. નાનપણમાં જ દેશભક્તિ અને સમાજ



સેવાના વિચારો તેમના મનમાં ઘર કરી ગયા હતા. સંઘની વિચારધારા અને કાર્ય કરવાની પદ્ધતિએ તેમને શરૂઆતથી જ ખૂબ પ્રભાવિત કર્યા હતા.

સોમાભાઈએ એક મહત્વની વાત જણાવી કે નરેન્દ્ર મોદીને સંઘની શાખામાં સૌથી વધુ જે વાત પ્રભાવિત કરતી હતી, તે હતી ત્યાંની શિસ્ત. શાખામાં જ્યારે કોઈ એક વ્યક્તિ આદેશ આપે અને બાકીના તમામ સ્વયંસેવકો એકસાથે તેનું ચુસ્તપણે પાલન કરે, આ દ્રશ્ય તેમને બહુ ગમતું હતું. એક નેતાના આદેશ પર આખી ટીમનું એકસૂત્રતાથી કામ કરવું, એ શિસ્તના પાઠ તેઓ નાનપણથી જ શીખ્યા હતા.


વડાપ્રધાન મોદીની આજની કાર્યશૈલીમાં પણ એ જ સંઘની શિસ્તની ઝલક જોવા મળે છે. પછી તે સ્વચ્છ ભારત અભિયાન હોય કે યોગ દિવસ, જ્યારે તેઓ એક આદેશ આપે છે ત્યારે આખો દેશ તેમની સાથે જોડાઈ જાય છે. સોમાભાઈના આ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે સંઘની શાખાઓમાં મળેલી તાલીમ અને શિસ્તના કારણે જ આજે નરેન્દ્ર મોદી એક મજબૂત અને નિર્ણાયક નેતા તરીકે ઉભરી આવ્યા છે.

ગરીબી અને સંઘર્ષની વચ્ચે પણ દેશસેવાના સંકલ્પ સાથે આગળ વધેલા નરેન્દ્ર મોદી આજે કરોડો ભારતીયો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે. ભાઈ સોમાભાઈના આ ખુલાસાથી પીએમ મોદીના જીવનના અજાણ્યા પાસાઓ પર નવો પ્રકાશ પડ્યો છે.

## તંત્રી લેખ...

# ભાજપ સામે માત્ર ચૂંટણી જંગ નહીં, વિચારધારાની લડાઈની જરૂર: શું લેફ્ટ વિચારધારા જ બની શકે સાચો વિકલ્પ?

ભારતીય રાજનીતિ અત્યારે એક એવા વળાંક પર છે જ્યાં સવાલ માત્ર એ નથી કે આગામી ચૂંટણી કોણ જીતશે, પણ સવાલ એ છે કે ભાજપ જેવી મજબૂત સંગઠનાત્મક અને સ્પષ્ટ વિચારધારા ધરાવતી પાર્ટી સામે લાંબા ગાળે કોણ ટકી શકશે? ભાજપ પાસે માત્ર ચૂંટણી મશીનરી નથી, પણ તેની પાછળ દાયકાઓથી તૈયાર કરાયેલું નેરેટિવ, રાષ્ટ્રવાદનું મિશ્રણ અને મજબૂત કેડર છે. ત્યારે પ્રશ્ન એ થાય કે શું માત્ર 'સેક્યુલર' શબ્દના સહારે ભાજપને હરાવી શકાય? મૂડીવાદ અને ધ્રુવીકરણનો જવાબ શું? ભાજપની રાજનીતિ પાછળ મૂડીવાદી નીતિઓ, મોટા ઉદ્યોગપતિઓનું સમર્થન અને ખાનગીકરણનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. આ આર્થિક માળખાની સામે લડવા માટે માત્ર ભાષણો પૂરતા નથી. તેનો જવાબ એવી વિચારધારા પાસે હોઈ શકે જે: * મૂડીવાદ સામે સામાજિક સમાનતાની વાત કરે. * ખાનગીકરણ સામે જાહેર વ્યવસ્થા (Public Sector) મજબૂત કરવાની વાત કરે. * ધાર્મિક ધ્રુવીકરણ સામે વર્ગ આધારિત રાજનીતિ (Class Politics) ઊભી કરે. અને આ તમામ પાસાઓ સૌથી સ્પષ્ટ રીતે લેફ્ટ (ડાબેરી) વિચારધારામાં જોવા મળે છે. કોંગ્રેસ: વિકલ્પ કે માત્ર પ્રસ્તુતિનો તફાવત? આજે કોંગ્રેસ મુખ્ય વિપક્ષ છે, પરંતુ વૈચારિક રીતે તે ભાજપથી કેટલી અલગ છે? ઈતિહાસ સાક્ષી છે કે કોંગ્રેસ પણ વર્ષો સુધી કોર્પોરેટ ફંડિંગ અને સત્તાકીય તંત્રના સહારે ચાલી છે. ભાજપની આર્થિક નીતિઓનો પાયો ક્યાંક ને ક્યાંક જૂની કોંગ્રેસની નીતિઓમાં જ રહેલો છે. કોંગ્રેસ આજે ભલે સામાજિક ન્યાય અને બંધારણની વાતો કરે, પણ કર્ણાટક કે તેલંગાણા જેવા રાજ્યોમાં તેઓ ભાજપથી તદ્દન અલગ એવું કોઈ 'મોડેલ શાસન' રજૂ કરવામાં ક્યાંક પાછળ છે. માત્ર વચનો નહીં, પણ જમીન પર બદલાવ લાવવો જરૂરી છે. કેરલ મોડેલ: સામાજિક વિકાસની મિસાલ જ્યારે દેશમાં સામાજિક વિકાસની ચર્ચા થાય છે ત્યારે કેરલનું નામ મોખરે આવે છે. શિક્ષણ, આરોગ્ય અને માનવ વિકાસના આંકડાઓમાં કેરલની સરસાઈ પાછળ ત્યાંની દાયકાઓ જૂની લેફ્ટ વિચારધારા અને પ્રગતિશીલ રાજકીય સંસ્કૃતિ છે. ત્યાં જનતા જાગૃત છે, જેના કારણે કોઈપણ પક્ષ સત્તા પર આવે, તેણે લોકોના પાયાના પ્રશ્નો પર કામ કરવું જ પડે છે. ગુજરાત અને ત્રીજો વિકલ્પ ગુજરાતના સંદર્ભમાં વાત કરીએ તો, વર્ષોથી અહીં ભાજપ સામે એક મજબૂત વિકલ્પની શોધ ચાલી રહી છે. હાલમાં 'આમ આદમી પાર્ટી' જેવી પાર્ટીઓને જે મતો મળ્યા છે, તેના વિશે વિશ્લેષકોનું માનવું છે કે જો જનતા આટલો જ સાથ મજબૂત વૈચારિક પાયો ધરાવતી કોમ્યુનિસ્ટ પાર્ટીઓને આપે, તો પરિણામો ચોંકાવનારા હોઈ શકે છે. નિષ્કર્ષ: ભાજપને માત્ર ચૂંટણી ગઠબંધનોથી રોકી શકાય નહીં. જો લોકશાહીમાં ખરેખર સંતુલન જોઈએ છે, તો એક એવી વિચારધારાની જરૂર છે જે જમીની સ્તરે સામાન્ય માણસના હક્કો, સમાનતા અને જાહેર સુવિધાઓ માટે લડતી હોય. ચૂંટણી તો જીત-હારનો ખેલ છે, પણ અસલી લડાઈ દેશના ભવિષ્યની વિચારધારાની છે.




- ગ્રુપ એડિટર પવન માકન

# ભૂલ પકડવામાં એક્સપર્ટ વખાણ કરવામાં નિષ્ફળ

**ભૂલ એ અનુભવ છે, અને એ ભૂલ પર થતી તમારી ટીકા એ તમારો મફતનો પ્રચાર છે. બંને રીતે ફાયદો તો તમારો જ છે!**

સમાજમાં એક એવી વિચિત્ર પ્રજાતિનો વસવાટ છે, જેનું મુખ્ય કામ લોકોના સારા કાર્યો પર મૌન સેવવું અને એક નાનકડી ભૂલ દેખાય એટલે 'બૌદ્ધિક ગીધડા'ની જેમ તેનું પોસ્ટમોર્ટમ કરવા તૂટી પડવું છે. આ એવા લોકો છે જેમને કોઈની સફળતા પચતી નથી, એટલે તેઓ તેની ક્ષતિઓ શોધીને પોતાનો અહંકાર પોષે છે.

જો કોઈની ભૂલ સુધારવી એ તમારો હેતુ હોય, તો તે હંમેશા એકાંતમાં (Personally) કહેવાય. પણ જો તમે જાહેરમાં કોઈની ભૂલનું વિશ્લેષણ કરો છો, તો સમજી લેજો કે તમારી દાનત સુધારાની નહીં પણ સામેવાળી વ્યક્તિને નીચું દેખાડવાની છે. આ તમારી બૌદ્ધિકતા નથી, પણ તમારી માનસિક વિકૃતિ છે.



જ્યારે કોઈ વ્યક્તિ પરસેવો પાડીને પ્રશંસનીય કામ કરે, ત્યારે આ જ લોકોના ગળે શબ્દો ઉતરતા નથી. ત્યારે તેમનું વિશ્લેષણ ક્યાં ખોવાઈ જાય છે? કોઈના સારા કામની કદર કરવા માટે ઉદાર દિલની જરૂર હોય છે. જે વ્યક્તિ તમારી ભૂલો પર પીએચડી (PhD) કરે છે અને તમારા વખાણ વખતે મૌન ધારણ કરી લે છે, તે વ્યક્તિ ઈર્ષ્યાની આગમાં બળી રહી છે એમ સમજવું.આવા લોકો જે એક વાત ભૂલી જાય છે તે એ છે કે જાહેરમાં થતી ટીકા એ મફતનો પ્રચાર છે!જ્યારે તમે કોઈની ભૂલનો જાહેરમાં ઢંઢેરો પીટો છો, ત્યારે અજાણતા જ તમે તે વ્યક્તિનું નામ વધુ લોકો સુધી પહોંચાડો છો. જે કામ માટે માર્કેટિંગ કંપનીઓ લાખો રૂપિયા લે છે, તે કામ આ ટીકાખોરો મફતમાં કરી આપે છે. તમારી નેગેટિવ પબ્લિસિટી પણ આખરે તો તમારું નામ જ ગુંજતું રાખે છે.મેદાનમાં રમનાર ખેલાડીથી જ ક્યારેક ઠોકર લાગે કે ભૂલ થાય તે સ્વાભાવિક છે. ગેલેરીમાં બેસીને મમરા ખાતા પ્રેક્ષકો જ્યારે ખેલાડીને ટેકનિક સમજાવવા માંડે, ત્યારે તે હાસ્યાસ્પદ લાગે છે. જે વ્યક્તિએ પોતે ક્યારેય જોખમ નથી લીધું, જેણે ક્યારેય મેદાનમાં પરસેવો નથી પાડ્યો, તે બીજાના સાહસમાં રહેલી ખામીઓ કાઢવા માટે લાયક નથી.બીજા પર આંગળી ચીંધનારા લોકો એ ભૂલી જાય છે કે બાકીની ત્રણ આંગળીઓ પોતાની તરફ છે. જેઓ એવો દેખાવ કરે છે કે તેમણે જીવનમાં ક્યારેય કોઈ ભૂલ કરી જ નથી, તે વાસ્તવમાં સપનાની દુનિયામાં જીવતા પાખંડીઓ છે. ભૂલ એ માણસ હોવાની નિશાની છે, અને ભૂલ કાઢવી એ નવરા હોવાની નિશાની છે. 'ભૂલ એનાથી જ થાય છે જે કામ કરે છે, બાકી કશું ન કરનારાઓનું આખું જીવન બીજાની ભૂલો શોધવામાં જ પૂરું થઈ જાય છે.જો તમારી ચિંતા સાચી હોય તો ખૂણામાં કહો, જો જાહેરમાં કહો છો તો એ ચિંતા નહીં પણ તમારી ઈર્ષ્યા છે.

ભૂલ એ અનુભવ છે, અને એ ભૂલ પર થતી તમારી ટીકા એ તમારો મફતનો પ્રચાર છે. બંને રીતે ફાયદો તો તમારો જ છે! સૂર્યને ગમે તેટલા વાદળાં ઘેરે, તેની તેજસ્વિતા ઓછી થતી નથી. જે લોકો તમારી સફળતામાં રાજી નથી થઈ શકતા, તેમને તમારી પ્રગતિથી જ જવાબ આપવો શ્રેષ્ઠ છે. વહેતી નદીને પથ્થરો ક્યારેય રોકી શકતા નથી, તે તો પોતાનો રસ્તો કરીને વહેતી જ રહે છે.

**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

# ભારતીય રૂપિયો ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાં

ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધની ગરમી હવે ભારતીય બજારો અને સામાન્ય માણસના ખિસ્સા સુધી પહોંચી રહી છે. ગત સપ્તાહે, ભારતીય રૂપિયો ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાં પહોંચ્યો,તે જેમાં ૯૫.૪૪ રૂપિયાના રેકોર્ડ નીચલા સ્તરે ઉતરી આવ્યો હતો. આ ઘટાડો માત્ર આર્થિક આંકડો નથી, પરંતુ દેશના અર્થતંત્ર માટે એક મોટી ચેતવણી છે. વિશ્વભરના બજારો ધ્રૂજી રહ્યા છે, અને દરેકની નજર આ ઘટાડો ક્યાં અટકશે તેના પર ટકેલી છે. યુદ્ધ ચાલુ થયું ત્યારથી રૂપિયો સતત ઘટી રહ્યો છે, નિષ્ણાતોના મતે રૂપિયો હજુ વધુ ઘટી શકે છે. રૂપિયાની આ ઐતિહાસિક નબળાઈ પાછળનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય પરિબળ હોર્મુઝ સ્ટ્રેટના નિયંત્રણને લઈને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષ છે. આ દરિયાઈ માર્ગ વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. યુદ્ધે આ માર્ગ દ્વારા પુરવઠો ખોરવી નાખ્યો છે, જેના કારણે કાચા તેલના ભાવ તાજેતરમાં પ્રતિ બેરલ ૧૨૫ ડોલરથી વધુ થયા બાદ હાલ અથડાઈ ગયા છે. રિસર્ચ એનાલિસ્ટોના મતે હોર્મુઝ કટોકટી કાચા તેલના ભાવ નક્કી કરતું સૌથી મોટું પરિબળ છે. મોંઘુ ક્રૂડ તેલ ભારતને ભારે અસર કરી રહ્યું છે. યુદ્ધ પહેલા ભારત તેલની આયાત પર દર મહિને આશરે ૧૦-૧૧ બિલિયન ડોલર ખર્ચતું હતું, પરંતુ હવે આ ખર્ચમાં ૭૦-૮૦%નો વધારો થયો છે. સરળ શબ્દોમાં કહીએ તો, ક્રૂડ તેલનું પ્રમાણ એ જ રહે છે, પરંતુ હવે તેને ખરીદવા માટે વધુ ડોલર ખર્ચવામાં આવી રહ્યા છે. જ્યારે વધુ ડોલર દેશમાંથી નીકળી જાય છે, ત્યારે રૂપિયો નબળો પડવાનું શરૂ થાય છે. રૂપિયાના નબળા પડવાનું બીજું મુખ્ય કારણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) ની ચિંતા છે. જ્યારે વિશ્વમાં ક્યાંય પણ યુદ્ધ અથવા અનિશ્ચિતતા ફાટી નીકળે છે, ત્યારે આ રોકાણકારો જોખમ લેવાનું ટાળે છે અને ભારત જેવા ઉભરતા બજારોમાંથી તેમનું ભંડોળ પાછું ખેંચી લે છે. અને તેમના રોકાણોને સોના અથવા યુએસ ડોલર જેવા સુરક્ષિત માર્ગો તરફ ખસેડે છે, જ્યાં તેઓ અનિશ્ચિતતાના સમયમાં ઓછું જોખમ અનુભવે છે. યુદ્ધ શરૂ થયુ ત્યારથી, વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી આશરે ૨૧ બિલિયન ડોલર અથવા આશરે રૂ. ૧.૮ લાખ કરોડ પાછા ખેંચી લીધા છે. માર્ચ અને એપ્રિલમાં જ આશરે ૧૯ બિલિયન ડોલર પાછા ખેંચી લેવામાં આવ્યા છે. જ્યારે આટલી મોટી રકમ દેશમાંથી નીકળી જાય છે, ત્યારે બજારમાં ડોલરની અછત અનુભવાવા લાગે છે, અને રૂપિયો નબળો પડતો રહે છે. આ જ કારણ છે કે ડોલર ઈન્ડેક્સ ૯૮.૨૬ પર પહોંચી ગયો છે, જે યુએસ ચલણની મજબૂતાઈ દર્શાવે છે. ભારતીય રિઝર્વ બેંક આ મુશ્કેલ સમયમાં રૂપિયાને સ્થિર કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. ગત મંગળવારે, જ્યારે રૂપિયો ૯૫.૪૩ પર પહોંચ્યો, ત્યારે જાહેર ક્ષેત્રની બેંકોએ રિઝર્વ બેંકના નિર્દેશનમાં બજારમાં મોટી માત્રામાં ડોલર વેચ્યા હતા. સ્પષ્ટ ઉદ્દેશ્ય રૂપિયાને ૯૫.૫૦ ના મહત્વપૂર્ણ સ્તરથી નીચે ઉતરતા અટકાવવાનો હતો. જોકે, રૂપિયાને સ્થિર કરવાના આ પ્રયાસથી દેશના વિદેશી વિનિમય ભંડાર પર પણ અસર પડી રહી છે, જે ઝડપથી ઘટી રહ્યું છે. ભારતનો વિદેશી વિનિમય ભંડાર ૭૨૮.૫ બિલિયન ડોલરના તેમના રેકોર્ડ ઉચ્ચ સ્તરથી ઘટીને લગભગ ૬૯૮ બિલિયન ડોલર થઈ ગયો છે. એક અહેવાલ મુજબ, ડોલરની સતત વધતી માંગ રૂપિયા પર દબાણ ચાલુ રાખશે. તેમનું માનવું છે કે નજીકના ભવિષ્યમાં રૂપિયો ૯૫.૭૦ સુધી પહોંચી શકે છે. હાલમાં, ભારતીય રિઝર્વ બેંક રૂપિયાને મોટા ઘટાડાથી રોકી શકતી મુખ્ય શક્તિ છે, નહીં તો પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકી હોત. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે રૂપિયામાં આ ઘટાડો ક્યારે બંધ થશે? નિષ્ણાતો માને છે કે રૂપિયાનું ભવિષ્ય સંપૂર્ણપણે પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ)ની પરિસ્થિતિ પર નિર્ભર છે. જો હોર્મુઝથી તેલ પુરવઠો ખોરવાશે, તો ક્રડ તેલ ૧૨૫-૧૩૦ ડોલર સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિમાં, એક ડોલરની કિંમત ૯૭.૦૦ થી ૯૭.૫૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં તણાવ ઓછો થાય અને પરિસ્થિતિ સામાન્ય થાય અને ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરથી નીચે આવે તો જ રૂપિયો મજબૂત થવાની અપેક્ષા રાખી શકાય છે. અર્થશાસ્ત્રીઓએ સંકેત આપ્યો છે કે આગામી ત્રિમાસિક ગાળો ભારતીય અર્થતંત્ર માટે સરળ નહીં હોય અને તે અસ્થિર રહી શકે છે.




# ભારતમાં દર વર્ષે હૃદય રોગથી 28 લાખ લોકોના મોત

તાજેતરમાં વડોદરામાં 29 વર્ષના સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP) જવાનનું ટ્રેનિંગ પછી અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થયું. પરેડ પછી તેણે છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી. હોસ્પિટલ લઈ જતી વખતે તેની હાલત બગડી અને તેનું મૃત્યુ થયું. ભારતમાં હૃદય રોગ હવે ફક્ત વૃદ્ધો પૂરતો સીમિત નથી. નાની ઉંમરના લોકો પણ તેની ઝપેટમાં આવી રહ્યા છે. વર્લ્ડ હાર્ટ ફેડરેશન (WHF) અનુસાર, હૃદય રોગથી દર વર્ષે ભારતમાં લગભગ 28 લાખ લોકોના મોત થાય છે. 'વર્લ્ડ હાર્ટ ફાઉન્ડેશન', 'ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ' અને 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ' (ICMR)ના આંકડા અનુસાર, દેશમાં કુલ મૃત્યુમાં લગભગ 28% હિસ્સો કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝનો છે. આવી સ્થિતિમાં, એ સમજવું જરૂરી છે કે હૃદયના કયા સંકેતોને સમયસર ઓળખવા જોઈએ. સાથે જ એ પણ કે આપણી રોજિંદી આદતો હૃદયના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. હૃદય એટલે કે હાર્ટ, શરીરનો એક મજબૂત સ્નાયુ પંપ છે. તે લગભગ આપણી મુઠ્ઠી જેટલું મોટું હોય છે. તે છાતીની વચ્ચે, થોડું ડાબી બાજુ હોય છે. હૃદયમાં ચાર ચેમ્બર હોય છે. ઉપરના બંને ચેમ્બરને 'એટ્રિયમ' કહે છે અને નીચેના ચેમ્બરને 'વેંટ્રિકલ' કહે છે. ઉપરના બંને ચેમ્બર એટલે કે એટ્રિયમનું કામ છે, લોહી એકઠું કરવાનું. જમણું એટ્રિયમ શરીરમાંથી આવેલું ડિઓક્સિજનેટેડ લોહી લે છે. ડાબું એટ્રિયમ ફેફસાંમાંથી આવેલું ઓક્સિજનેટેડ લોહી લે છે. પછી આ લોહી નીચેના ચેમ્બર વેંટ્રિકલ્સમાં જાય છે. વેંટ્રિકલ્સનું કામ લોહીને જોરથી પમ્પ કરવાનું છે. જમણું વેંટ્રિકલ લોહીને ફેફસાં સુધી મોકલે છે અને ડાબું વેંટ્રિકલ આખા શરીરમાં લોહી પહોંચાડે છે. વધુ તળેલું-મસાલેદાર અને મીઠું ખાવાથી ધમનીઓમાં ચરબી જમા થવા લાગે છે. જેનાથી રક્ત પ્રવાહ (બ્લડ ફ્લો)નો માર્ગ સાંકડો થઈ જાય છે, બ્લડ પ્રેશર વધે છે. સતત તણાવ, ઊંઘનો અભાવ અને ઓછી શારીરિક પ્રવૃત્તિથી બ્લડ પ્રેશર અને શુગર વધે છે, જે હૃદય પર વધારાનો બોજ નાખે છે. ધૂમ્રપાન અને દારૂનું સેવન હૃદયની નસોને નુકસાન પહોંચાડે છે. ઉંમર, આનુવંશિક કારણો અને બીમારી જોખમ વધારે છે. હૃદયના બીમાર થવાનું મોટું કારણ એ છે કે, આપણે શું અને કેવી રીતે ખાઈએ છીએ. વધુ તેલ-મસાલાવાળો ખોરાક ખરાબ કોલેસ્ટ્રોલ વધારે છે, જે હૃદયની ધમનીઓમાં જમા થાય છે. ખરાબ ખાનપાન હૃદયને કેવી રીતે બીમાર કરે છે.



તમે કેટલી શારીરિક પ્રવૃત્તિ કરો છો, તેની સીધી અસર હૃદયના સ્વાસ્થ્ય પર પડે છે- બેઠાડું જીવનશૈલી એટલે કે લાંબા સમય સુધી બેસીને કામ કરવું, ઓછું હાલવું-ચાલવું અને વ્યાયામ (કસરત) ન કરવો હૃદયને ધીમે ધીમે બીમાર કરે છે. જ્યારે શરીર હલનચલન કરતું નથી, ત્યારે કેલરી બર્ન થતી નથી અને ચરબી જમા થવા લાગે છે. આનાથી વજન, બ્લડ પ્રેશર અને બ્લડ શુગર વધે છે. શારીરિક પ્રવૃત્તિ ઓછી થવા પર હૃદયને લોહી પંપ કરવા માટે વધુ મહેનત કરવી પડે છે. આનાથી હૃદય પર કામનો બોજ વધી જાય છે. નિયમિત ચાલવું, સીડીઓ ચડવી અથવા હળવી કસરત કરવાથી હૃદયના સ્નાયુઓ મજબૂત થાય છે અને રક્ત પરિભ્રમણ (બ્લડ સર્ક્યુલેશન) સુધરે છે. તેની હૃદયના સ્વાસ્થ્ય પર સીધી અસર પડે છે. ઊંઘ દરમિયાન શરીર પોતાને રિપેર કરે છે અને હૃદય સહિતના તમામ અંગોને આરામ મળે છે. આ જ સમયે હોર્મોન્સ સંતુલિત થાય છે, બ્લડ પ્રેશર નિયંત્રણમાં આવે છે અને રક્તવાહિનીઓ (બ્લડવેસલ્સ)ના સોજા ઓછા થાય છે. સારી અને પૂરતી ઊંઘ લેવાથી સ્ટ્રેસ હોર્મોન ઓછો રિલીઝ થાય છે, જેનાથી હૃદય પર કામનો બોજ ઘટે છે. ઊંઘ પૂરી ન થવા પર શરીર એલર્ટ મોડમાં રહે છે. આનાથી બ્લડ પ્રેશર, હાર્ટ રેટ અને ઈન્ફ્લેમેશન વધે છે.

# ભારતીયો વિદેશ પ્રવાસમાં 32 અબજ, સોનામાં 65 અબજ ડોલર ખર્ચે છે

**ભારતમાં વિદેશ યાત્રાનો ક્રેઝ છેલ્લાં ત્રણ દાયકામાં સખત વધ્યો છે. 1991ની વાત કરીએ તો તે સમયે માત્ર 19 લાખ લોકો વિદેશ પ્રવાસ કરતા હતા. 2024માં આ આંકડો 3 કરોડ અને 2025માં 3.17 કરોડ પહોંચી ગયો છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લાં ત્રણ દાયકામાં સરેરાશ 8.7 ટકાના દરે લોકોના વિદેશ પ્રવાસમાં વધારો થયો છે : મોટા શહેરોની સાથે સાથે નાના શહેરોમાંથી પણ વિદેશ જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. એક અહેવાલ જણાવે છે કે, હાલમાં વિદેશ જનારા લોકોમાંથી ૨૫ ટકા લોકો ટીયર-2 શહેરોમાંથી આવે છે.**

ભારતમાં વિદેશ યાત્રાનો ક્રેઝ છેલ્લાં ત્રણ દાયકામાં સખત વધ્યો છે. ૧૯૯૧ની વાત કરીએ તો તે સમયે માત્ર ૧૯ લાખ લોકો વિદેશ પ્રવાસ કરતા હતા. ૨૦૨૪માં આ આંકડો ૩ કરોડ અને ૨૦૨૫માં ૩.૧૭ કરોડ પહોંચી ગયો છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લાં ત્રણ દાયકામાં સરેરાશ ૮.૭ ટકાના દરે લોકોના વિદેશ પ્રવાસમાં વધારો થયો છે : મોટા શહેરોની સાથે સાથે નાના શહેરોમાંથી પણ વિદેશ જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. એક અહેવાલ જણાવે છે કે, હાલમાં વિદેશ જનારા લોકોમાંથી ૨૫ ટકા લોકો ટીયર-૨ શહેરોમાંથી આવે છે. બીજી તરફ ૬૭ ટકા લોકો ટીયર-૩ શહેરોમાંથી આવે છે. મોટાભાગે ૨૫થી ૩૪ વર્ષની વચ્ચેના યુવાનો સૌથી વધારે વિદેશ જઈ રહ્યા છે. કુલ પ્રવાસીઓમાં તેમની ભાગીદારી અંદાજે ૨૮ ટકા જેટલી છે. બીજી તરફ ૩૫થી ૪૪ વર્ષ સુધીના લોકોની ભાગીદારી ૨૪.૫ ટકા જેટલી છે : ભારતમાં સોનાનું ખનન સાવ ઓછું થાય છે. ભારત પોતાનું ૪૦ ટકા સોનું સ્વિટ્ઝર્લેન્ડથી આયાત કરે છે. ત્યારબાદ ૧૬ ટકા યુએઈ, ૧૦ ટકા સાઉથ આફ્રિકા, ૮ ટકા પેરુ અને બાકીનું ૨૬ ટકા હોંગકોંગ અને અન્ય દેશો પાસેથી આયાત કરે છે. તેના કારણે અબજો ડોલરનું વિદેશી હુંડિયાણ દેશની બહાર જતું રહે છ ભારતીયોના આગામી સમયમાં કરકસર કરીને જીવવાના અને ખાસ કરીને વિદેશ પ્રવાસ ઘટાડવા અથવા બંધ કરવા તથા સોનું નહીં ખરીદવાની સલાહ આપવામાં આવી હતી. કરૂણતા એ છે કે, સરકારી કાફલા અને કામગીરીઓ પાછળ કરોડોનું અવિચારી આંધણ કરતી સરકાર પ્રજાને પેટે પાટા બંધાવાનું કહે છે. બીજી તરફ વાસ્તવિકતા એવી પણ છે કે, ભારતીયો વિદેશ પ્રવાસ અને સોનું ખરીદવામાં અધધ ખર્ચો કરતા હોય છે. અહેવાલો જણાવે છે કે, ભારતીયો વિદેશ પ્રવાસ અને સોનું ખરીદવામાં જેટલી રકમ ખર્ચે છે તેટલામાં તો નાના આફ્રિકી દેશોની આખા વર્ષની જીડીપી સચવાઈ જાય છે. ઉલ્લેખનીય છે કે, ભારતીયોમાં સોનું ખરીદવાનું વળગણ અથવા તો એમ કહીએ કે આદત સદીઓથી પણ ધીમે ધીમે વિદેશ પ્રવાસનું આકર્ષણ વધતું જાય છે. તેમાંય સોશિયલ મીડિયાના કારણે લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં વિદેશ જવાનું આકર્ષણ અતિશય વધી ગયું છે. અહેવાલો જણાવે છે કે, ૨૦૨૫માં ભારતીય નાગરીકો દ્વારા અંદાજે ૩.૧૭ કરોડ વિદેશ યાત્રાઓ કરવામાં આવી હતી. તે તેની આગળના વર્ષ કરતા અંદાજે ૨૫ ટકા વધારે હતી. મહત્ત્વનું એ છે કે, આ વિદેશ યાત્રીની સીધી અસર દેશના અર્થતંત્ર ઉપર પણ પડતી જ હોય છે. તેમાંય જ્યારે ડોલરની સામે રૂપિયો સતત નબળો થઈ રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં વિદેશી હુંડિયામણ બહાર જવું તે ભારતને દબાણમાં લાવી રહ્યું છે. હાલમાં જે વૈશ્વિક સ્થિતિ છે તેમાં ભારતના રૂપિયાને વધારે ગાબડું પડયું છે અને તેથી જ કદાચ સરકાર હવે નાગરીકોને સમજાવવા મથી રહી છે. ઉલ્લેખનીય છે કે, જો ભારતીયોના વિદેશ પ્રવાસ ઉપર નજર કરીએ તો તેમણે ગત વર્ષે ૩.૧૭ કરોડ વિદેશ પ્રવાસ કર્યા હતા. આ વિદેશ પ્રવાસ પાછળ તેમણે અંદાજે ૩૨ અબજ ડોલર એટલે કે સરેરાશ ૩ લાખ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. જાણકારો માને છે કે, ભારતીયો દ્વારા ગત વર્ષે જેટલો વિદેશ પ્રવાસ પાછળ ખર્ચ કરવામાં આવ્યો તે કોઈ નાનકડી આફ્રિકી દેશની જીડીપી જેટલો થાય છે. ભારતમાં વિદેશ યાત્રાનો ક્રેઝ છેલ્લાં ત્રણ દાયકામાં સખત વધ્યો છે. ૧૯૯૧ની વાત કરીએ તો તે સમયે માત્ર ૧૯ લાખ લોકો વિદેશ પ્રવાસ કરતા હતા. ૨૦૨૪માં આ આંકડો ૩ કરોડ અને ૨૦૨૫માં ૩.૧૭ કરોડ પહોંચી ગયો છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લાં ત્રણ દાયકામાં સરેરાશ ૮.૭ ટકાના દરે લોકોના વિદેશ પ્રવાસમાં વધારો થયો છે. ભારતીયોના વિદેશ પ્રવાસ ઉપર કોરોના દરમિયાન બ્રેક લાગી હતી. ૧૯૯૧થી વિદેશ પ્રવાસમાં સતત વધારો થયો હતો પણ ૨૦૨૦નું વર્ષ એવું હતું જેમાં કોરોના મહામારીના પગલે વિદેશયાત્રાઓ શક્ય બનતી નહોતી. તેના કારણે તેમાં ૭૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, મહામારીની અસર માત્ર ૨૦૨૦ અને ૨૦૨૧માં જ જોવા મળી હતી. ૨૦૨૨માં તો લોકોએ અધધ વિદેશ યાત્રા કરી હતી. ૨૦૨૨માં ભારતીયોની વિદેશયાત્રામાં ૧૫૨ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો હતો. ૨૦૨૩માં ભારતીયોએ ૨.૭૮ કરોડ વિદેશ પ્રવાસ કર્યા હતા. ત્યારબાદ તેમાં સતત વધારો જ થઈ રહ્યો છે. ૨૦૨૨ પછી ભારતીયોના વિદેશ પ્રવાસમાં સતત મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ વાત એવી છે કે, ભારતીયો જે વિદેશ પ્રવાસ કરે છે તો તેઓ એલઆરએસ સ્કીમ હેઠળ મોટી સંખ્યામાં વિદેશી ભંડોળ ખાલી કરે છે. તો અંદાજે ૨.૫ લાખ ડોલર એટલે કે ૨ કરોડ રૂપિયા વિદેશ મોકલી શકે છે. આ સ્કીમ હેઠળ કોઈપણ ભારતીય વિદેશ ફરવા, રોકાણ કરવા, ગિફ્ટ આપવા કે પછી સારવાર કરાવવા પાછળ કરી શકે છે. તેના માટે કોઈ સરકારી મંજૂરી લેવી પડતી નથી. મહત્ત્વનું એ છે કે, શરૂઆતમાં એલઆરએસ સ્કીમ હેઠળ જે રકમ વિદેશ જતી હતી તેમાં વિદેશ પ્રવાસનું યોગદાન માત્ર ૧.૫ ટકા હતું. ૨૦૧૨-૧૩ દરમિયાન તે માત્ર દોઢથી બે ટકા હતું. ત્યારબાદ તેમાં એકાએક ઉછાળો આવવા લાગ્યો. ૨૦૧૮-૧૯માં આ આંકડો સીધો જ ૩૫ ટકા પહોંચી ગયો. ત્યારબાદ ૨૦૨૪-૨૫માં એલઆરએસ હેઠળ વિદેશ જતી રકમનો આંકડો ૫૪ ટકા પહોંચી ગયો છે. તેના કારણે ભારતનું વિદેશી હુંડિયામણ મોટી પ્રમાણમાં બહાર જઈ રહ્યું છે. જાણકારો માને છે કે, ભારતમાં વિદેશ પ્રવાસનું બજાર ધીમે ધીમે ખૂબ જ મોટું થઈ રહ્યું છે. આ બજાર આગામી છ-સાત વર્ષમાં અંદાજે ૫૬ અબજ ડોલર સુધી પહોંચી જાય તેમ લાગી રહ્યું છે. તેનો અર્થ એ થયો કે, ભારતીયો વિદેશ પ્રવાસ પાછળ અંદાજે ૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. તેમાં સરેરાશ ૧૧ ટકાના દરે વધારો થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, આગામી વર્ષોમાં થનારી વિદેશ યાત્રાઓમાં પહેલી વખત વિદેશ પ્રવાસે જનારા લોકોની સંખ્યા વધારે હશે. બીજી તરફ એવું દેખાઈ રહ્યું છે કે, મોટા શહેરોની સાથે સાથે નાના શહેરોમાંથી પણ વિદેશ જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. એક અહેવાલ જણાવે છે કે, હાલમાં વિદેશ જનારા લોકોમાંથી ૨૫ ટકા લોકો ટીયર-૨ શહેરોમાંથી આવે છે. બીજી તરફ ૬૭ ટકા લોકો ટીયર-૩ શહેરોમાંથી આવે છે. નાના શહેરોના લોકોની વિદેશ જવાની ફ્રિક્વન્સી વધી હોવાથી ઘણા દેશો દ્વારા ભારતના નાના શહેરો સાથે સીધી જ કનેક્ટિંગ ફ્લાઈટ આપવાની શરૂ કરી દેવાઈ છે. ભારતના વિદેશ પ્રવાસીઓની વાત કરીએ તો મોટાભાગે ૨૫થી ૩૪ વર્ષની વચ્ચેના યુવાનો સૌથી વધારે વિદેશ જઈ રહ્યા છે. કુલ પ્રવાસીઓમાં તેમની ભાગીદારી અંદાજે ૨૮ ટકા જેટલી છે. બીજી તરફ ૩૫થી ૪૪ વર્ષ સુધીના લોકોની ભાગીદારી ૨૪.૫ ટકા જેટલી છે. જો જાતીગત રીતે જોઈએ તો વિદેશ જનારા પુરુષોની સંખ્યા ૬૫.૮ ટકા જેટલી જ્યારે મહિલાઓની સંખ્યા ૩૪.૧ ટકા જેટલી થાય છે. અહેવાલો જણાવે છે કે, ૪૨ ટકા ભારતીયો વેકેશન માણવા માટે વિદેશ જાય છે. બીજી તરફ ૩૪.૬ ટકા લોકો પોતાના પરિવારજનોને કે મિત્રોને મળવા માટે અને ૧૫ ટકા લોકો બિઝનેસ માટે વિદેશ જતા હોય છે. બાકીના લોકો અભ્યાસ, શિક્ષણ, ધર્મસ્થાનોની મુલાકાત અને અન્ય કારણે જતા હોય છે. એક સમય હતો જ્યારે લોકો અમેરિકા, સાઉદી, થાઈલેન્ડ જતા હતા.




ત્યારબાદ તેમાં સિંગાપુર, યુકે, કતાર, દુબઈ, કેનેડા, કુવૈત અને ઓમાન જેવા દેશોનો ઉમેરો થયો હતો. તાજેતરમાં વિયેતનામ, બાલી, કમ્બોડિયા, ફિલિપાઈન્સ અને યૂરોપના બજેટ ફ્રેન્ડલી દેશો ઉપર પસંદગી ઉતારવામાં આવે છે. એક અહેવાલ જણાવે છે કે, ગત વર્ષે ભારતીયોએ વિદેશ પ્રવાસ પાછળ ૨.૫૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. તેની સામે વિદેશીઓ ભારત આવ્યા તેનાથી ૨.૩૦ લાખ કરોડ રૂપિયાની આવક થઈ. આમ જોઈએ તો ભારતનું બાકીનું વિદેશી હુંડિયામણ દેશની બહાર જ જતું રહ્યું છે. જાણકારો માને છે કે, ભારતીયો જો વિદેશમાં જ જવાના બદલે ભારતમાં ફરવાને પ્રાધાન્ય આપે તો અહીંયા ટુરિઝમ બિઝનેસ વધુ વિકસી અને વિસ્તરી શકે છે. ભારતીયો જો ભારતમાં જ પ્રવાસ કરે તો અહીંયા અર્થતંત્ર મજબૂત થશે. ભારતીય પર્યટન ઉદ્યોગ દ્વારા જીડીપીમાં હાલમાં ૨૦ લાખ કરોડનું યોગદાન આપવામાં આવે છે. તેનાથી ૪.૩ કરોડ લોકોને રોજગાર મળે છે. જો ભારતીયો વિદેશના બદલે ડોમેસ્ટિક પ્રવાસ વધારે તો ૨૦૩૪ સુધીમાં ૬.૫ કરોડ લોકોને રોજગાર મળી શકે તેમ છે. બીજી તરફ કરોડો રૂપિયા ભારતીય અર્થતંત્રમાં જ ઠલવાશે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 14 મે 2026 | અમદાવાદ

### વડોદરાની જાણીતી બેકરીમાં સ્વચ્છતા મુદ્દે વિવાદ

# Mr. Puffના કેક કાઉન્ટરમાં મરેલો ઉંદર મળ્યાનો વીડિયો વાયરલ થતાં ફૂડ શાખાએ તપાસ શરૂ કરી

**વડોદરા**

વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ નજીક આવેલી Mr. Puff ની મુખ્ય શાખામાં સ્વચ્છતા મુદ્દે મોટો વિવાદ સામે આવ્યો છે. બેકરીના કેક કાઉન્ટરમાં મરેલો ઉંદર જોવા મળ્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ચકચાર મચી ગઈ છે.

માહિતી મુજબ, બેકરીમાં ખરીદી કરવા આવેલા એક ગ્રાહકના ધ્યાન પર આ ઘટના આવી હતી. ગ્રાહકે તરત જ તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. વીડિયોમાં કેક કાઉન્ટરમાં વિવિધ પ્રકારની કેક વચ્ચે મરેલો ઉંદર લટકતો જોવા મળતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

ઘટનાની જાણ થતાં વડોદરા કોર્પોરેશનની ફૂડ શાખાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. ટીમ દ્વારા ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે શહેરમાં કેટલાક વેપારીઓ નફાની લાલચમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. અગાઉ પણ ખાદ્ય પદાર્થોની સ્વચ્છતા અંગે ફરિયાદો સામે આવી ચૂકી છે, પરંતુ કડક કાર્યવાહીનો અભાવ હોવાને કારણે બેદરકારીના બનાવો વારંવાર સામે આવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

આ ઘટનાને લઈને ગ્રાહકોમાં ચિંતા ફેલાઈ છે. નિષ્ણાતોના મત મુજબ, આવી પરિસ્થિતિમાં ખાદ્ય વસ્તુઓનું સેવન કરવાથી ફૂડ પોઈઝનિંગ સહિતની આરોગ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. હાલમાં કોર્પોરેશન દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



### ઝાલોદ પંચાલ સમાજનો ખેલ મહાકુંભ

# સુવર્ણ મહોત્સવની ભવ્ય શરૂઆત સાથે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

## દાહોદથી વડોદરા સુધીની પંચાલ સમાજની ટીમો વચ્ચે થશે રોમાંચક મુકાબલા

**દાહોદ**

શ્રી વિશ્વકર્મા મંદિર ઝાલોદના આવનારા સુવર્ણ મહોત્સવ-2027ની ભવ્ય ઉજવણીના ઉપલક્ષમાં તથા ઝાલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પંચાલ સમાજના અગ્રણી સ્વ. અગ્નેશભાઈ છોટાલાલ પંચાલની પવિત્ર સ્મૃતિમાં ઝાલોદ પંચાલ સમાજ દ્વારા ભવ્ય "નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ક્રિકેટ મહાકુંભ આગામી 20 મે થી 23 મે 2026 દરમિયાન ઝાલોદના ઠુઠીકંકાસીયા બાયપાસ ચોકડી કાળીયાતળાવ ઝાલોદ પર આવેલ રમતગમત મેદાન ખાતે રાત્રિના ઝગમગતા પ્રકાશ વચ્ચે યોજાશે. ટુર્નામેન્ટમાં માત્ર ઝાલોદ જ નહીં પરંતુ દાહોદ જિલ્લા સહિત લીમડી, સુખસર, લીમખેડા, ગરબાડા, ગોધરા અને વડોદરા જેવા વિસ્તારોની પંચાલ સમાજની ટીમો ઉત્સાહભેર ભાગ લેશે.

સમાજના યુવાનોમાં રમતગમત પ્રત્યે રસ વધે, એકતા અને ભાઈચારો મજબૂત બને તેમજ સમાજમાં ખેલ સંસ્કૃતિનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી આ વિરાટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને 25,000 રોકડ ઈનામ તથા આકર્ષક ટ્રોફી આપવામાં આવશે, જ્યારે રનર-અપ ટીમને 11,000 સાથે ટ્રોફી એનાયત કરવામાં આવશે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ-ઝાલોદ, શ્રી મહિલા મંડળ તથા શ્રી પંચાલ યુવક મંડળના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સમાજસેવા અને લોકહિત માટે જીવન સમર્પિત કરનાર સ્વ. અગ્નેશભાઈ પંચાલને આ રમતોત્સવ દ્વારા અનોખી અને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

# MSUમાં ફી વધારો અને બેઠક ઘટાડા મુદ્દે ABVPનો વિરોધ..!

**વડોદરા**

વડોદરાની મહારાજા સયાજી રાવ યુનિવર્સિટી ની સાયન્સ ફેકલ્ટીમાં BCA કોર્સમાં કરવામાં આવેલા 28 ટકા ફી વધારા અને પ્રવેશ બેઠકોમાં 50 ટકા ઘટાડા સામે Akhil Bharatiya Vidyarthi Parishad દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ભારે સૂત્રોચાર સાથે ડીનને રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ડીન હાજર ન મળતા ખાલી ખુરશી સામે બેસીને નારેબાજી અને રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો.



ABVPના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટી પ્રશાસન વિદ્યાર્થીઓના હિત વિરુદ્ધ નિર્ણય લઈ રહ્યું છે. ABVP અધ્યક્ષ વેદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે BCA વિભાગમાં છેલ્લા પાંચ વર્ષથી 240 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો, જ્યારે આ વર્ષે બેઠકો ઘટાડીને માત્ર 120 કરવામાં આવી છે. આ નિર્ણયને કારણે અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી શકે છે. સાથે જ કરવામાં આવેલો 28 ટકા ફી વધારો પણ તરત પરત ખેંચવાની માંગ કરવામાં આવી હતી.

યુનિવર્સિટી તરફથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિલ્ડિંગ ક્ષમતાના કારણો આપવામાં આવ્યા હતા, પરંતુ ABVPએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે છેલ્લા પાંચ વર્ષથી 240 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તો હવે અચાનક ક્ષમતાની સમસ્યા કેવી રીતે ઉભી થઈ. અગાઉ પણ આવેદનપત્ર આપ્યા છતાં કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા વિદ્યાર્થીઓ ધરણા પર બેઠા હતા. ABVPએ ચીમકી આપી હતી કે જો વિદ્યાર્થીઓની માંગણીઓ નહીં સંતોષાય તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેના માટે યુનિવર્સિટી પ્રશાસન જવાબદાર રહેશે.

### પશુ-પંખીઓ પણ ગરમીથી બેહાલ

# ડભોઇ આગ 44થી 45 ડિગ્રી તાપમાનમાં બજારો સુમસામ : જનજીવન પ્રભાવિત થયો

**ડભોઇ**

ડભોઈ સમગ્ર રાજ્યની સાથે ડભોઈ શહેર અને તાલુકામાં પણ ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે. અંગ દઝાડતી ગરમી અને લૂના કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. સ્થિતિ એવી છે કે બપોરના સમયે રસ્તાઓ પર જાણે 'કરફ્યુ' જેવો માહોલ જોવા મળી રહ્યો છે. તાપમાનનો પારો ૪૪ થી૪૫ ડિગ્રીને પાર ડભોઈમાં હાલ તાપમાન ૪૪ થી ૪૫ ડિગ્રી જેટલું નોંધાઈ રહ્યું છે. અસહ્ય બફારા અને ગરમીને કારણે જનજીવન ખોરવાયું છે. સવારના ૧૨ વાગ્યા પછી શહેરના મુખ્ય માર્ગો, ગલીઓ અને બજારોમાં સન્નાટો પ્રસરી જાય છે. લોકોએ કામ વગર બહાર નીકળવાનું બંધ કરી દેતા રસ્તાઓ પર 'સેલ્ફ-લોકડાઉન' જેવી સ્થિતિ સર્જાઈ છે



આરોગ્ય વિભાગની વિશેષ સલાહ કાળઝાળ ગરમીમાં લૂ લાગવાના (હીટ સ્ટ્રોક) કિસ્સાઓ ન વધે તે માટે ડોક્ટરો દ્વારા ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. લૂ થી બચવા માટે લીંબુ શરબત, શેરડીનો રસ, છાશ અને પુષ્કળ પાણી પીવું. ગરમીમાં રાહત મેળવવા માટે કેરીનું બાફલું (ફરણું) પીવાની પણ સલાહ અપાઈ છે. બપોરના ૧૨ થી ૫ ના સમયગાળા દરમિયાન બિનજરૂરી બહાર ન નીકળવું. ઈલેક્ટ્રોનિક સાધનોનો સહારો લોકો ગરમીથી બચવા માટે ઘરમાં રહીને એસી, કુલર અને પંખાનો આશરો લઈ રહ્યા છે. પશુ-પંખીઓ પણ ગરમીથી બેહાલ જોવા મળી રહ્યા છે. વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સતર્ક રહેવા અને ગરમીથી બચવાના તમામ ઉપાયો કરવા સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં જો તાપમાન હજુ પણ વધશે, તો સામાન્ય નાગરિકો માટે મુશ્કેલીઓ વધી શકે તેવી શક્યતા છે.

# વાઘોડિયામાં જ્વેલર્સ વેપારી ઉપર જીવલેણ હુમલો કરી લૂંટ

## 40 ગ્રામ સોનું અને રૂ.50 હજાર ભરેલી બેગ લૂંટી ફરાર, મધ્યપ્રદેશ પાસિંગની બાઈક કબજે

**વડોદરા**

વડોદરા જિલ્લાના વાઘોડિયા ટાઉનમાં ફિલ્મી ઢબે લૂંટની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ડીસી જવેલર્સ નામે સોના-ચાંદી તથા ધીરધારનો વ્યવસાય કરતા વેપારી જીગ્નેશ સોની પર ત્રણ બુકાનીધારી શખ્સોએ જીવલેણ હુમલો કરી અંદાજિત 40 ગ્રામ સોનું અને રૂ.50 હજાર ભરેલી બેગ લૂંટી ફરાર થઈ ગયા હતા. માહિતી મુજબ, જીગ્નેશ સોની રાબેતા મુજબ રાત્રે દુકાન બંધ કરીને નારાયણ નગર સોસાયટી સ્થિત ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન સોસાયટીના નાકા પાસે અગાઉથી ઘાત લગાવી બેઠેલા બુકાનીધારી શખ્સોએ તેમને આંતરી લીધા હતા. વેપારી કંઈ સમજે તે પહેલાં જ હુમલાખોરોએ લાકડાના ફટકાથી માથાના ભાગે ઉપરાછાપરી હુમલો કર્યો હતો. હુમલામાં જીગ્નેશભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાતા આરોપીઓ તેમની પાસે રહેલી કિંમતી ઘરેણાં અને રોકડ ભરેલી બેગ લૂંટી લઈ ભાગી છૂટ્યા હતા. લૂંટ બાદ આરોપીઓ બાઈક પર ભાગી રહ્યા હતા ત્યારે તેમની બાઈક રસ્તા પર સ્લીપ થઈ ગઈ હતી, જેના કારણે ત્રણેય શખ્સો નીચે પટકાયા હતા. આસપાસના લોકો જાગી જાય અને પકડાઈ જવાની ભીતિથી લૂંટારુઓ એક બાઈક સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયા હતા. વાઘોડિયા પોલીસ મથકના પી.આઈ. ગોહિલે જણાવ્યું હતું કે, લૂંટારુઓ બે બાઈક પર આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે અને કુલ ચાર જેટલા શખ્સો સંડોવાયેલા હોવાની શક્યતા છે. પોલીસે ઘટનાસ્થળેથી મધ્યપ્રદેશ પાસિંગની બાઈક કબજે કરી છે. હાલ સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# આધુનિકતાના આંધળા આક્રમણમાં વિસરાતો પત્ર-વ્યવહાર અને જોખમાતું માનવ જીવન

## બાઈક ચલાવતી વખતે મોબાઈલના ઉપયોગને કારણે જીવલેણ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો

**ડભોઇ**

૨૧મી સદીના આ ઝડપી યુગમાં ટેકનોલોજીએ ક્રાંતિ તો લાવી છે, પરંતુ માનવીય સંવેદનાઓ અને જૂની પરંપરાઓને હાંસિયામાં ધકેલી દીધી છે. ડભોઈ શહેર અને તાલુકામાં એક સમયે સંદેશા વ્યવહારનું મુખ્ય માધ્યમ ગણાતા પોસ્ટકાર્ડ, અંતરદેશીય પત્રો અને ટેલિગ્રામ હવે જાણે ઈતિહાસના પાનાઓમાં દટાઈ ગયા છે.

આજના માનવી પાસે નાણાં કમાવવાની ઘેલછામાં સમયનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે. દરેક કામમાં ઉતાવળ અને ટૂંકા રસ્તા અપનાવવાની લ્હાયમાં લોકો હવે પત્રો લખવાનું ભૂલ્યા છે. એક દાયકા પહેલા જે ટપાલીની રાહ આખું ઘર જોતું હતું અને પત્ર ખુલે ત્યારે જે આનંદની લહેર વ્યાપી જતી હતી, તે હવે ભૂતકાળ બની ગઈ છે.

ડભોઈના પોસ્ટ માસ્ટર હુસેનભાઈ ઘાંચીના જણાવ્યા અનુસાર, પોસ્ટકાર્ડ અને અંતરદેશીય પત્રોનું વેચાણ હવે



માત્ર ૩૦% જેટલું જ રહ્યું છે. સરકારી કામકાજમાં પણ આ માધ્યમોનો ઉપયોગ સરેરાશ ઘટ્યો છે. હવે આ સેવાનો ઉપયોગ માત્ર જાહેરાતો કે ઉઘરાણી પત્રો પૂરતો સીમિત રહી ગયો છે.

મોબાઈલ અને ઈન્ટરનેટ સસ્તું અને ઝડપી હોવાને કારણે લોકો તે તરફ પ્રેરાયા છે, પરંતુ તેની આડઅસરો ભયાનક છે: જે બીમારીઓ પહેલા ૪૫ વર્ષની ઉંમર પછી જોવા મળતી હતી, તે હવે યુવાનોમાં સામાન્ય બની છે. લકવો, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને હાર્ટ એટેક જેવી સમસ્યાઓ મોબાઈલના અતિશય વપરાશને કારણે વધી રહી છે. બાઈક ચલાવતી વખતે મોબાઈલના ઉપયોગને કારણે જીવલેણ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. અશ્લીલ વીડિયોગ્રાફી અને નેટ-ચેટિંગના કારણે ભારતીય સંસ્કૃતિની મર્યાદાઓ લોપ થઈ રહી છે. વડીલોની શરમ કે માન-મર્યાદા હવે માત્ર શબ્દો બનીને રહી ગયા છે. આજના યુગમાં માનવી ૧૮ થી ૧૯ કલાક કામ કરીને યંત્ર સમાન બની રહ્યો છે. જીવનમાંથી હાસ્ય અને સાચું મનોરંજન ગાયબ થઈ ગયું છે.

# અંકલેશ્વરમાં એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સનો સપાટો અંસાર માર્કેટ પાસેથી ચરસ-ગાંજા સાથે બે ઝડપાયા

## પોલીસને જોઈ ગભરાયેલા ત્રણ પૈકી એક ઈસમ બાઈક પરથી કૂદીને નાસી છૂટવામાં સફળ રહ્યાં હતાં

**અંકલેશ્વર**

અંકલેશ્વરમાં માદક પદાર્થોના વેચાણ સામે પોલીસે લાલ આંખ કરી છે. નેશનલ હાઈવે પર આવેલી અંસાર માર્કેટ નજીક વોકિંગ ફ્લાય ઓવર પાસેથી સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરની એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સે મોટી કાર્યવાહી કરતા બે શખ્સોને ચરસ અને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ રૂ. ૧.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે.

પેટ્રોલિંગ દરમિયાન મળી હતી બાતમી સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરની એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સના પી.એસ.આઈ. વી.કે. ગરાસિયા અને તેમનો સ્ટાફ ભરૂચ જિલ્લામાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, બાઈક સવાર કેટલાક ઈસમો ગાંજો, ચરસ અને MD ડ્રગ્સ જેવા માદક પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી



અને વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે અંસાર માર્કેટ પાસે વોચ ગોઠવી હતી.

પોલીસને જોઈ એક આરોપી ફરાર વાલિયા ચોકડી તરફથી એક બાઈક પર ત્રણ શખ્સો આગળ બેગ મૂકીને આવી રહ્યા હતા. પોલીસને જોઈ ગભરાયેલા ત્રણ પૈકી એક ઈસમ બાઈક પરથી કૂદીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી અન્ય બે શખ્સોને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓ અને જપ્ત કરાયેલ મુદ્દામાલ પોલીસ તપાસમાં પકડાયેલા શખ્સોના નામ નીચે મુજબ છે: ૧. તૌસિફ મુસ્તાક શેખ (રહે. કોઠવા, તા. માંગરોળ) ૨. મહેન્દ્ર મુકેશ વસાવા (રહે. કોઠવા, તા. માંગરોળ) પોલીસે નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે: * ગાંજો: ૯૭૩ ગ્રામ (કિંમત રૂ. ૪૮,૦૦૦ થી વધુ) * ચરસ: ૧૯૫ ગ્રામ (કિંમત રૂ. ૪૮,૭૦૦) * અન્ય: એક મોટરસાયકલ અને બે મોબાઈલ ફોન * કુલ મુદ્દામાલ: અંદાજે રૂ. ૧,૩૭,૦૦૦ આ કેસમાં માંગરોળ તાલુકાના ભાટકોલ ગામના સુવેજ ગુલામ શેખને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

### ગુજરાત પોલીસના અસલી 'સિંઘમ'

# નિર્લિપ્ત રાયની કડક અને ઈમાનદાર કાર્યશૈલીનો ખૌફ ગુનેગારોમાં યથાવત




**સુરેન્દ્રનગર**

ગુજરાત પોલીસના ઈતિહાસમાં જ્યારે પણ પ્રામાણિકતા અને નિડરતાની વાત આવશે, ત્યારે ૨૦૧૦ બેચના IPS અધિકારી નિર્લિપ્ત રાયનું નામ સુવર્ણ અક્ષરે લેવાશે. ઉત્તર પ્રદેશના વતની અને વિજ્ઞાનમાં માસ્ટર્સ કરનાર આ અધિકારીએ પોતાની કારકિર્દીના દરેક પડાવ પર સાબિત કર્યું છે કે કાયદાના રક્ષક માટે કોઈ રાજકીય દબાણ કે વ્યક્તિગત સંબંધો કાયદાથી ઉપર નથી.

નિર્લિપ્ત રાયે જ્યારે અમરેલીના SP તરીકે ચાર્જ સંભાળ્યો ત્યારે તેમણે માત્ર ગુનેગારો જ નહીં, પણ પોલીસ વિભાગમાં રહેલા ભ્રષ્ટ તત્વોને પણ છોડ્યા નહોતા. પોતાના જ વિભાગના ૧૨ કર્મચારીઓને વીજ ચોરીમાં પકડીને સજા આપવી એ તેમની નિષ્પક્ષતાનો મોટો પુરાવો હતો. ૨૦૨૨માં જ્યારે તેમની બદલી થઈ ત્યારે અમરેલીની જનતાએ તેમની કારને ફૂલોથી સજાવી જે રીતે વિદાય આપી, તે દ્રશ્યો આજે પણ લોકોની આંખમાં વસેલા છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)માં ફરજ દરમિયાન તેમણે રાજ્યભરના બૂટલેગરો, જુગારધામના સંચાલકો અને લેન્ડ માફિયાઓની ઊંઘ હરામ કરી દીધી હતી. તેમની તપાસની ચોકસાઈ એટલી આક્રમક હતી કે અનેક જવાબદાર પોલીસ અધિકારીઓએ પણ સસ્પેન્ડ થવાનો વારો આવ્યો હતો. આ શાનદાર કામગીરી બદલ ૨૦૨૪માં તેમને કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદકથી નવાજવામાં આવ્યા હતા.

માર્ચ ૨૦૨૬માં રાજકોટ રેન્જ IG તરીકે નિમણૂક થતાની સાથે જ નિર્લિપ્ત રાય ફરી એક્શનમાં જોવા મળ્યા છે. ચાર્જ સંભાળતા જ તેમણે ગોંડલ અને રીબડા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં 'બહુબલીઓ' ને સીધો સંદેશ આપી દીધો છે કે હુલ્લડબાજી કે મિનરલ માફિયાગીરી હવે ચાલશે નહીં. મોરબી અને ગોંડલના પોલીસ સ્ટેશનોમાં જાતે જઈને તેમણે કરેલી સમીક્ષાથી ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે.

નિર્લિપ્ત રાય જેવા અધિકારીઓ સાબિત કરે છે કે પોલીસ યુનિફોર્મ એ માત્ર નોકરી નથી, પણ પ્રજાનો વિશ્વાસ છે. જો સામાન્ય નાગરિકો પણ જાગૃત બનીને પોલીસને સાચી માહિતી આપે અને કાયદાનો સાથ આપે, તો ભ્રષ્ટાચાર અને ગુનાખોરી મુક્ત સમાજનું નિર્માણ અશક્ય નથી. આવા ઈમાનદાર અધિકારીઓ જ ગુજરાતની કાયદો-વ્યવસ્થાની સાચી કરોડરજ્જુ છે.

### ખેડાના નવાગામમાં ઝેરી કેમિકલ ઠાલવવાનું પાપ પકડાયું

# SOG પોલીસે અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈનનું કૌભાંડ શોધી કાઢ્યું

## ગેરકાયદેસર કૃત્ય દ્વારા ગ્રામજનો અને મૂંગા પશુ-પક્ષીઓના જીવને જોખમમાં મૂકવાનું કામ કરાયું હતું

**ખેડા**

ખેડા જિલ્લામાં કેમિકલ માફિયાઓ દ્વારા કુદરતી સંસાધનો અને પશુ-પંખીઓના જીવ સાથે ચેડાં કરવાનું એક ભયાનક કારસ્થાન ખેડા-નડિયાદ એસઓજી પોલીસે ખુલ્લું પાડ્યું છે. ખેડાના કઠવાડા વિસ્તારમાં આવેલી લક્ષ્મી ડાઈંગ નામની ફેક્ટરી દ્વારા જમીનની અંદર ગુપ્ત અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈન નાખીને નવાગામના જાહેર તળાવમાં દૂષિત કેમિકલ યુક્ત પાણી છોડવાનું ગેરકાયદેસર કૃત્ય પકડાયું છે.

આ મામલે પોલીસે ફેક્ટરીના સુપરવાઈઝરની ધરપકડ કરી છે, જ્યારે માલિકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો મુજબ, નવાગામના લોકો અને પશુઓ જે તળાવના પાણીનો ઉપયોગ કરે છે, તે તળાવમાં લક્ષ્મી ડાઈંગ દ્વારા અત્યંત દૂષિત અને ઝેરી કેમિકલ છોડવામાં આવતું હતું. માફિયાઓએ આ પાપ છુપાવવા માટે જમીનમાં પાઈપ લાઈન ડાટી દીધી હતી. આ ઝેરી પાણીને કારણે તળાવનું પાણી તો ગંદુ થયું જ છે, પરંતુ સાથે સાથે ત્યાંની જમીન અને હવામાં પણ પ્રદૂષણ ફેલાયું છે. આ ગેરકાયદેસર કૃત્ય દ્વારા ગ્રામજનો અને મૂંગા પશુ-પક્ષીઓના જીવને જોખમમાં મૂકવાનું કામ કરાયું હતું.

ખેડા-નડિયાદ એસઓજી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને અમદાવાદના ધોડાસર-ઈસનપુર વિસ્તારની પુષ્પક સોસાયટીમાં રહેતા સુપરવાઈઝર જુગેશ અભયરાજસિંહ રાજપુતને ઝડપી પાડ્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પર્યાવરણના નિયમોને નેવે મૂકીને નફાની લાલચમાં આ આખું નેટવર્ક ચલાવવામાં આવતું હતું.

આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને લક્ષ્મી ડાઈંગનો માલિક ભોમારામ દાનારામ સાહુ ચૌધરી હાલ પોલીસ પકડથી દૂર છે.

એસઓજી પોલીસે તેની ધરપકડ કરવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ તેજ કરી છે. પોલીસની આ કાર્યવાહીથી પંથકમાં પર્યાવરણને નુકસાન પહોંચાડતા કેમિકલ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જનતાની માંગ છે કે આવા ગુનાહિત માનસ ધરાવતા ઉદ્યોગપતિઓ સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવું સાહસ ન કરે.



**મોડેલિંગથી શરૂ થઇ હતી મંદાનાની કારકિર્દી મંદાના કરીમીનો જન્મ તેહરાનમાં થયો હતો. તે 2010માં પહેલીવાર મોડેલિંગ માટે ભારત આવી હતી અને 2013થી મુંબઇમાં જ સ્થાયી થઇ ગઇ.**

### હવે અહીં ઘર જેવું લાગતું નથી, ભારતે મને દગો આપ્યો છે

# 'બિગ બોસ' ફેમ મંદાના કરીમીએ 16 વર્ષ પછી ભારત છોડ્યું

મુંબઇ

'બિગ બોસ 9' અને 'લોકઅપ' ફેમ એક્ટ્રેસ મંદાના કરીમીએ આખરે ભારત છોડી દીધું છે. 16 વર્ષ સુધી ભારતમાં રહ્યા પછી, તેણે એક ભાવનાત્મક વીડિયો શેર કરીને દેશને અલવિદા કહ્યું. મંદાનાએ ભારતને પોતાનું 'બીજું ઘર' ગણાવ્યું હતું, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે પોતાની સુરક્ષા અને સ્પષ્ટવક્તાને કારણે સતત વિવાદો અને હેડલાઈન્સમાં રહી હતી. એરપોર્ટ પરથી શેર કર્યો ભાવનાત્મક વીડિયો મંદાનાએ ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથિંગ' સેશન દરમિયાન ચાહકોને આ સમાચાર આપ્યા. એક ચાહકે તેને પૂછ્યું હતું કે, શું તેણે મુંબઈ કાયમ માટે છોડી દીધું છે? તેના જવાબમાં મંદાનાએ એરપોર્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો. તેણે કહ્યું, 'મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે, હું આવું કહી શકીશ, પણ અલવિદા ભારત. આ મુશ્કેલ થવાનું છે. લગભગ 16 વર્ષ અહીં વિતાવ્યા પછી હું મારા બીજા ઘરને પાછળ છોડી રહી છું. હવે એક નવી શરૂઆત તરફ આગળ વધી રહી છું, નવો દેશ, નવું ઘર, બધું જ નવું.' એક્ટ્રેસે ભારત છોડવાનું મુખ્ય કારણ પોતાની સુરક્ષાને જણાવ્યું છે. આ પહેલા 'બોલિવૂડ હંગામા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ને આપેલા ઈન્ટરવ્યુમાં મંદાનાએ પોતાનું દર્દ શેર કરતા કહ્યું કે, 'છેલ્લા બે મહિનામાં મને મુંબઈમાં ખૂબ એકલતા અનુભવાઈ. ઈરાનના પક્ષમાં બોલવા અને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવાને કારણે મેં મારા ઘણા જૂના મિત્રો ગુમાવી દીધા.' 'મને એવું લાગી રહ્યું છે કે ભારતે એક રીતે મને દગો આપ્યો છે.' તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે, તે ઈરાન પણ પાછી જઈ શકતી નથી, કારણ કે ત્યાં તેના પર 10 વર્ષ પહેલાં જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ખામેનેઈના મૃત્યુ પર ઉજવણી અને વિવાદ મંદાના કરીમી છેલ્લા દિવસોમાં ત્યારે ચર્ચામાં આવી હતી, જ્યારે તેણે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ પર ખુશી વ્યક્ત કરી હતી. તેણે દાવો કર્યો હતો કે, ખામેનેઈએ ઈરાનના લોકો પર ખૂબ અત્યાચાર કર્યા છે. મંદાનાએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, તેને પોતાના એક્ટિવિઝમ માટે ભારતમાં કોઈનો સપોર્ટ મળ્યો નથી.

મોડેલિંગથી શરૂ થઈ હતી મંદાનાની કારકિર્દી મંદાના કરીમીનો જન્મ તેહરાનમાં થયો હતો. તે 2010માં પહેલીવાર મોડેલિંગ માટે ભારત આવી હતી અને 2013થી મુંબઈમાં જ સ્થાયી થઈ ગઈ. તેણે 'ક્યા કૂલ હૈં હમ 3', 'મૈં ઔર ચાર્લ્સ' અને 'ભાગ જોની' જેવી ફિલ્મોમાં કામ કર્યું. આ ઉપરાંત 'બિગ બોસ' અને 'લોકઅપ' જેવા રિયાલિટી શોઝથી તેને ઓળખ મળી. ત્યારબાદ મંદાનાએ વર્ષ 2017માં ભારતીય બિઝનેસમેન ગૌરવ ગુપ્તા સાથે લગ્ન કર્યા, પરંતુ આ સંબંધ લાંબો ટક્યો નહીં. 2021માં તેમના છૂટાછેડા થઈ ગયા. મંદાનાએ તેના પતિ અને સાસરિયાઓ પર ઘરેલું હિંસા અને ધર્મ પરિવર્તનના દબાણ જેવા ગંભીર આરોપો લગાવ્યા હતા.

# છૂટાછેડાની ચર્ચા પર મૌની રોયે મૌન તોડ્યું

### સોશિયલ મીડિયા પર સ્ટોરી શેર કરી; વિવાદ વધતા એક્ટ્રેસના પતિ સૂરજે ઇન્સ્ટાગ્રામ ડિએક્ટિવેટ કર્યું

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય અને તેના પતિ સૂરજ નાંબિયારના છૂટાછેડાના સમાચારો વાયુવેગે ફેલાઈ રહ્યા છે. તેવામાં મૌનીએ આ અંગે મૌન તોડ્યું છે. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. સ્ટોરી શેર કરી અફવા ન ફેલાવવા અપીલ કરી. મૌનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શરે કરીને લખ્યું, 'તમામ મીડિયા હાઉસને નમ્ર વિનંતી છે કે તેઓ ખોટા સમાચાર ન ફેલાવે. કૃપા કરીને અમને જગ્યા (સ્પેસ) અને ગોપનીયતા (પ્રાઈવસી) આપો.' વિવાદિત છૂટાછેડાના આ સમાચાર ત્યારે શરૂ થયા, જ્યારે ચાહકોએ જોયું કે, મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. વાત માત્ર અનફોલો કરવા પૂરતી સીમિત ન રહી, સૂરજે પોતાની પ્રોફાઈલ પરથી લગ્નની ઘણી જૂની તસવીરો પણ ડિલીટ કરી દીધી છે. વિવાદ વધતા સૂરજે ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ જ ડિએક્ટિવેટ કરી દીધું છે. જોકે, મૌનીની પ્રોફાઈલ પર હજુ પણ કેટલીક તસવીરો છે. મૌની રોય અને સૂરજ નામ્બિયારે 27 જાન્યુઆરી 2022ના રોજ ગોવામાં એક ભવ્ય સમારોહમાં લગ્ન કર્યા હતા. તેમના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. આ લગ્નમાં મલયાલી અને બંગાળી બંને પરંપરાઓનું પાલન કરવામાં આવ્યું હતું. સૂરજ દુબઈ સ્થિત બિઝનેસમેન છે અને બંને લાંબા સમય સુધી ડેટિંગ કર્યા પછી લગ્નના બંધનમાં બંધાયા હતા. વર્ષ 2025માં મૌની રોય ફિલ્મ 'ભૂતની'માં જોવા મળી હતી. ટૂંક સમયમાં તે તમિલ ફિલ્મ 'વિશ્વંભરા'માં કેમિયો કરતી જોવા મળશે. આ ઉપરાંત તે 'હે જવાની તો ઈશ્ક હોના હૈ' અને 'ધ વાઈવ્સ' જેવી ફિલ્મોમાં જોવા મળશે. મૌનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શરે કરીને લખ્યું, 'તમામ મીડિયા હાઉસને નમ્ર વિનંતી છે કે તેઓ ખોટા સમાચાર ન ફેલાવે. કૃપા કરીને અમને જગ્યા (સ્પેસ) અને ગોપનીયતા (પ્રાઈવસી) આપો.' વિવાદિત છૂટાછેડાના આ સમાચાર ત્યારે શરૂ થયા, જ્યારે ચાહકોએ જોયું કે, મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે.




# ભગવાન શિવના રોલમાં જોવા મળશે અભિનેતા રણવીર સિંહ

### રિપોર્ટ્સ અનુસાર તેણે પોતાના પ્રોડક્શન બેનર 'મા કસમ ફિલ્મ' હેઠળ અમિશ ત્રિપાઠીની લોકપ્રિય પુસ્તક 'ધ ઇમોર્ટલ્સ ઓફ મેલુહા'ના ફિલ્મી રાઇટ્સ મેળવી લીધા છે

મુંબઇ

બોલિવૂડ એક્ટર રણવીર સિંહ પોતાના કરિયરના વધુ એક મોટા પ્રોજેક્ટની તૈયારીમાં છે. રિપોર્ટ્સ અનુસાર તેણે પોતાના પ્રોડક્શન બેનર 'મા કસમ ફિલ્મ' હેઠળ અમિશ ત્રિપાઠીની લોકપ્રિય પુસ્તક 'ધ ઈમોર્ટલ્સ ઓફ મેલુહા'ના ફિલ્મી રાઈટ્સ મેળવી લીધા છે. આ સ્ટોરીને એક ભવ્ય ટ્રાયોલોજીના રૂપમાં મોટા પાયે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રણવીરે બિરલા સ્ટુડિયોઝ સાથે ભાગીદારી પણ કરી છે. હાલમાં ફિલ્મનું લેખન કાર્ય શરૂઆતના તબક્કામાં છે અને સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. મેકર્સ પહેલા વાર્તા અને વિઝનને સંપૂર્ણપણે તૈયાર કર્યા પછી ડિરેક્ટર અને બાકીની ટીમને ફાઈનલ કરશે. આ બુક પરથી ફિલ્મની સ્ટોરી વણાઈ હોવાની ચર્ચા સૌથી ખાસ વાત એ છે કે સમાચારો અનુસાર, રણવીર આ ટ્રાયોલોજીમાં ભગવાન શિવનો રોલ ભજવતા જોવા મળી શકે છે. જોકે, અન્ય મુખ્ય પાત્રો માટે કાસ્ટિંગ હજુ નક્કી થયું નથી. આ પ્રોજેક્ટના રાઈટ્સ મેળવવા માટે રણવીરે મોટી રકમ ખર્ચી છે, જોકે, તેની પુષ્ટિ હજુ કરવામાં આવી નથી. 'ધુરંધર'ની સફળતા પછી આ પ્રોજેક્ટ રણવીરના કરિયરનું સૌથી મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત, રણવીર સિંહ પાસે અન્ય ફિલ્મો પણ છે. તે માર્ચ 2027માં આદિત્ય ધરની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકે છે. નોંધનીય છે કે રણવીરે 'ધી ઈમ્મોર્ટલ્સ ઓફ મેલુહા'ના હક્કો ખરીદી લીધા છે અને તે પોતે આ ફિલ્મમાં મહાદેવની ભૂમિકા ભજવવાનો છે તેવી અફવા બોલિવુડ વર્તુળોમાં શરુ થઈ હતી. જોકે, આ અફવા ખોટી પુરવાર થઈ છે. 'ધી ઈમ્મોર્ટલ્સ ઓફ મેલુહા'ના લેખક અમીષ ત્રિપાઠીએ કહ્યું હતું કે આ પુસ્તકના હક્કો હજુ મારી પાસે જ છે અને રણવીરે તે મેળવી લીધા હોવાની વાત ખોટી છે. તેમણે કહ્યું હતું કે હજુ સુધી કોઈ ફિલ્મી હસ્તીને આ હક્કો અપાયા નથી. રણવીરની 'ધુરંધર' સફળ થયા બાદ તેની ફિલ્મો વિશે વારંવાર નવી અફવાઓ આવતી રહે છે. રણવીર આદિત્ય ધરની એક બિગ બજેટ ફિલ્મ કરી રહ્યો હોવાની પણ ચર્ચા છે. બોલિવુડમાં હાલ પૌરાણિક તથા ધાર્મિક પાત્રોને લઈ અનેક ફિલ્મો બની રહી છે. રણબીર કપૂરની 'રામાયણ' ફિલ્મના પહેલા ભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. બીજી તરફ વિક્કી કૌશલ પણ ભગવાન પરશુરામ પરની ફિલ્મ 'મહાવતાર'માં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે.







# નિમરત કૌરે સોમનાથ મહાદેવ, દ્વારિકાધીશના દર્શન કર્યા

### હર હર મહાદેવ. શ્રી સોમનાથાય નમઃ, શ્રી નાગેશ્વરાય નમઃ, શ્રી દ્વારિકાધીશાય નમઃ, હર હર મહાદેવ, કૃષ્ણાર્પણમસ્તુ

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ નિમરત કૌર તાજેતરમાં સોમનાથ મહાદેવ અને દ્વારિકાધીશના દર્શન કરવા ગુજરાત પહોંચી હતી. 'ધ લંચબોક્સ' ફેમ એક્ટ્રેસે આ ધાર્મિક યાત્રાના ફોટો શેર કર્યા છે. વાસ્તવમાં નિમરત કૌરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર આજે કેટલાક ફોટો શેર કર્યા છે. ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું, 'દૈવી આશીર્વાદ અને અનંત કૃતજ્ઞતા. હર હર મહાદેવ. શ્રી સોમનાથાય નમઃ, શ્રી નાગેશ્વરાય નમઃ, શ્રી દ્વારિકાધીશાય નમઃ, હર હર મહાદેવ, કૃષ્ણાર્પણમસ્તુ.' નિમરત કૌરે ગુજરાતના પ્રવાસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના દર્શન કર્યાં હતાં. આ દરમિયાન તેણે ઉનાળાને ધ્યાનમાં લઈને કેસરી રંગનો કોટનનો ડ્રેસ પહેર્યો હતો. સાથે જ તેણે ગોલ્ડન અને લીલા રંગની સિંપલ જ્વેલરી પહેરી હતી. સોમનાથ ઉપરાંત તેણે નાગેશ્વર જ્યોતિર્લિંગના પણ દર્શન કર્યાં હતાં. આ દરમિયાન તેણે પિસ્તા અને મરૂન રંગનો કોટનનો ડ્રેસ પહેર્યો હતો. સાથે જ તેણે ચંદનથી ત્રિપુંડ પણ કરેલું હતું. શિવજીની સાથે સાથે નિમરતે દ્વારિકાધીશના દર્શન પણ કર્યાં હતાં. તે દ્વારકાના જગત મંદિર પહોંચી હતી. ત્યાંના તેણે ફોટો અને વીડિયો પણ શેર કર્યાં. નિમરત કૌરને 'ધ લંચબોક્સ' ઉપરાંત 'એરલિફ્ટ'માં પણ ઘણી પ્રશંસા મળી હતી. આ ઉપરાંત તે છેલ્લે વેબસિરીઝ 'ફેમિલી મેન 3'માં જોવા મળી હતી, જેમાં તેનો અલગ અંદાજ જોવા મળ્યો હતો. હર હર મહાદેવ. શ્રી સોમનાથાય નમઃ, શ્રી નાગેશ્વરાય નમઃ, શ્રી દ્વારિકાધીશાય નમઃ, હર હર મહાદેવ, કૃષ્ણાર્પણમસ્તુ.' નિમરત કૌરે ગુજરાતના પ્રવાસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના દર્શન કર્યાં હતાં. આ દરમિયાન તેણે ઉનાળાને ધ્યાનમાં લઈને કેસરી રંગનો કોટનનો ડ્રેસ પહેર્યો હતો. બોલિવૂડ એક્ટ્રેસ નિમરત કૌર તાજેતરમાં સોમનાથ મહાદેવ અને દ્વારિકાધીશના દર્શન કરવા ગુજરાત પહોંચી હતી. 'ધ લંચબોક્સ' ફેમ એક્ટ્રેસે આ ધાર્મિક યાત્રાના ફોટો શેર કર્યાં છે. વાસ્તવમાં નિમરત કૌરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર આજે કેટલાક ફોટો શેર કર્યાં છે.

# NEET પરીક્ષા રદ થવા પર ભડક્યા કમલ હાસન: કહ્યું- 22 લાખ વિદ્યાર્થીઓની આશાઓ ગુનાહિત ષડયંત્રોએ તોડી નાખી

મુંબઇ

3 મેના રોજ યોજાનારી NEET પરીક્ષા રદ કરવામાં આવી છે. આનાથી દેશભરમાં રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણય પેપર લીકના આરોપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવ્યો છે. આ નિર્ણય આવ્યા બાદ એક્ટર કમલ હાસન ભડકી ઉઠ્યા હતા. તેમનું માનવું છે કે આ નિર્ણયથી 22 લાખ વિદ્યાર્થીઓની મહેનત બરબાદ થઈ છે. કમલ હાસને પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું છે, 'NEET પ્રવેશ પરીક્ષા માટે દિવસ-રાત મહેનત કરનારા અને સપના જોનારા 22 લાખ વિદ્યાર્થીઓની આશાઓ ગુનાહિત ષડયંત્રોએ તોડી નાખી છે. આ માનસિક પીડાની જવાબદારી કોણ લેશે?' આગળ તેમણે લખ્યું છે કે, 'આજ સુધી મને યાદ નથી કે NEETની એક પણ પરીક્ષા ગેરરીતિ અને ગેરરીતિના આરોપો વિના થઈ હોય.

આ જ કારણ છે કે અમે શિક્ષણને ફરીથી રાજ્ય સૂચિમાં લાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છીએ. ભારતીય વિદ્યાર્થીઓને આ અન્યાયી NEET પરીક્ષા અને તેની પાછળ કામ કરી રહેલા માફિયાઓથી બચાવવા જોઈએ.' પેપર લીક થવાના કેસની તપાસ હવે સીબીઆઈને સોંપવામાં આવી છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશને પણ કડક તપાસની માંગ કરી છે. જ્યારે દિલ્હીમાં પણ ઘણા વિદ્યાર્થીઓ પેપર રદ થવાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. NEETની આ પરીક્ષા ભારતના 551 શહેરો અને વિદેશના 14 શહેરોમાં યોજાવાની હતી. 3 મેના રોજ યોજાનારી NEET પરીક્ષા રદ કરવામાં આવી છે. આનાથી દેશભરમાં રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણય પેપર લીકના આરોપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવ્યો છે. આ નિર્ણય આવ્યા બાદ એક્ટર કમલ હાસન ભડકી ઉઠ્યા હતા.



### નાહિદ રાણાને 5 વિકેટ મળી, કેપ્ટન શાંતોની સદી

# બાંગ્લાદેશે પહેલીવાર ઘરઆંગણે પાકિસ્તાનને હરાવ્યું, મીરપુર ટેસ્ટ 104 રનથી જીતી

નવી દિલ્હી

બાંગ્લાદેશે પહેલીવાર ઘરઆંગણે પાકિસ્તાનને હરાવ્યું છે. ટીમે મીરપુર ટેસ્ટમાં 104 રનથી જીત મેળવી. ટૉસ હારતા પહેલી બેટિંગ કરી રહેલી બાંગ્લાદેશી ટીમે પહેલી ઈનિંગ્સમાં 413 રન બનાવ્યા. કેપ્ટન નઝમુલ શાંતોએ સદી ફટકારી. પાકિસ્તાન તરફથી ડેબ્યૂ કરી રહેલા ઓપનર અઝાન અવેસે સદી ફટકારી અને પાકિસ્તાને પ્રથમ ઈનિંગ્સમાં 386 રન બનાવ્યા. બાંગ્લાદેશને 27 રનની લીડ મળી.

ટીમે બીજી ઈનિંગ્સ 240/9 પર ડિક્લેર કરી અને પાકિસ્તાનને 268 રનનો ટાર્ગેટ આપ્યો. મંગળવારે નાહિદ રાણાની 5 વિકેટની મદદથી પાકિસ્તાન બીજી ઈનિંગ્સમાં માત્ર 163 રન જ બનાવી શક્યું. અબ્દુલ ફઝલે સૌથી વધુ 66 રન બનાવ્યા.



પાકિસ્તાનની બીજી ઈનિંગ્સની 53મી ઓવરમાં નાહિદ રાણાએ શાહીન આફ્રિદીને આઉટ કરીને બાંગ્લાદેશને ઐતિહાસિક જીત અપાવી. શોર્ટ બોલ પર શાહીન પુલ શોટ રમવાનો પ્રયાસ કરતા ફસાઈ ગયો. બોલ તેના ગ્લવ્સને અડીને હવામાં ગયો, જ્યાં મોમિનુલ હકે સરળ કેચ પકડ્યો. શાહીને DRS લીધો, પરંતુ રિપ્લેમાં સ્પષ્ટ દેખાયું કે બોલ ગ્લવ્સને અડ્યો હતો. શાંતોએ બીજી ઈનિંગ્સમાં 87 રન બનાવ્યા મીરપુરના શેર-એ-બાંગ્લા ક્રિકેટ સ્ટેડિયમમાં યજમાન ટીમે મંગળવારે 152/3ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું અને પહેલા સેશનમાં જ ઈનિંગ્સ સમાપ્તિની જાહેરાત કરી દીધી. કેપ્ટન નઝમુલ હસન શાંતો 87 રન બનાવીને આઉટ થયો. તેણે પ્રથમ ઈનિંગ્સમાં સદી (101 રન) ફટકારી હતી. કેપ્ટન ઉપરાંત, મોમિનુલ હક (56 રન)એ અડધી સદી ફટકારી. હસન અલી અને નોમાન અલીને 3-3 વિકેટ મળી. રહીમના ચોગ્ગાથી દિવસની શરૂઆત, આઉટ પણ થયો દિવસની શરૂઆત મુશફિકુર રહીમના ચોગ્ગાથી થઈ. તેને નસીબનો સાથ મળ્યો. તેણે હસન અલીના પહેલા બોલ પર ડ્રાઈવ મારવાનો પ્રયાસ કર્યો. જે ઓફ સ્ટમ્પની બહાર ફુલ લેન્થ પર પડ્યો હતો.

## ગુજરાત પ્લેઓફથી એક જીત દૂર

મુંબઇ

ગુજરાત ટાઈટન્સ IPL સિઝનના પ્લેઓફની ખૂબ નજીક છે. વધુ એક જીત ટીમને પ્લેઓફમાં પહોંચાડી દેશે. શુભમન ગિલની કપ્તાનીવાળી ટીમે મંગળવારે રાત્રે સનરાઈઝર્સ હૈદરાબાદને 82 રનના મોટા અંતરથી હરાવ્યું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 169 રનનો પીછો કરી રહેલી હૈદરાબાદ 14.5 ઓવરમાં 86 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આનાથી તેના નેટ રન રેટને ફટકો પડ્યો છે. હાલમાં, ગુજરાત, બેંગલુરુ, હૈદરાબાદ અને પંજાબ ટોપ-4 પર છે. ગુજરાતને સિઝનમાં સતત 5મી જીત મળી છે. આનાથી ટીમ ત્રીજા સ્થાનેથી પોઈન્ટ્સ ટેબલના ટોચ પર આવી ગઈ છે. જ્યારે, હૈદરાબાદ આ સિઝનમાં 5મી મેચ હારી છે. આ પહેલા બીજા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. ટાઈટન્સના પોઈન્ટ્સ ટેબલમાં 16 પોઈન્ટ્સ થઈ ગયા છે. ટીમે અત્યાર સુધી રમેલી 12 માંથી 8 મેચ જીતી લીધી છે. જ્યારે, 4 માં તેને હારનો સામનો કરવો પડ્યો છે. હવે તેને કોલકાતા અને ચેન્નઈ સામે રમવાનું છે. એક જીત ગુજરાતને પ્લેઓફમાં પહોંચાડી દેશે. હૈદરાબાદને પ્લેઓફમાં પહોંચવા માટે વધુ બે જીતની જરૂર છે. 12 મેચમાં ટીમ પાસે 7 જીત પછી 14 પોઈન્ટ્સ છે. તેને હવે ચેન્નઈ અને બેંગલુરુ સામે મેચ રમવાની છે. એક મેચ હોમ ગ્રાઉન્ડ પર હશે, જ્યારે એક અવે પર હશે. પ્લેઓફ માટે બંનેને હરાવવા પડશે. IPLમાં બુધવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ રાયપુરના મેદાન પર સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. બેંગલુરુ પાસે નંબર-1 પર વાપસી કરવાની તક રજત પાટીદારની કપ્તાનીવાળી બેંગલુરુ પોઈન્ટ્સ ટેબલમાં બીજા સ્થાને છે. ટીમ પાસે 11 મેચમાં 7 જીત પછી 14 પોઈન્ટ્સ છે. જે ટેબલ ટોપર ગુજરાત ટાઈટન્સ બરાબર છે. આવી સ્થિતિમાં આજની જીત બેંગલુરુને 16 પોઈન્ટ્સ સુધી પહોંચાડી શકે છે.

### અશ્વિન કેપ્ટન બન્યો, ભારતીય જોડી પર નજર

## યુરોપની નવી ટી20 લીગમાં હવે ભારતીયનો દબદબો

મુંબઇ

ભારતીય ક્રિકેટના દિગ્ગજ રાહુલ દ્રવિડને સોમવારે યુરોપિયન T20 પ્રીમિયર લીગ (ETPL) ની ડબલિન ફ્રેન્ચાઇઝ ડબલિન ગાર્ડિયન્સના માલિક તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોલતા દ્રવિડે કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય ફક્ત ટીમ ખરીદવાનો નથી, પરંતુ યુરોપમાં ક્રિકેટના વિકાસમાં યોગદાન આપવાનો છે. ETPL ના મોટા વિઝનથી હું આકર્ષાયો હતો.

યુરોપમાં ક્રિકેટને મજબૂત કરવા, તેને પાયાના સ્તરે વિકસાવવા અને નવા ખેલાડીઓ માટે માર્ગ બનાવવા માટે આ એક શ્રેષ્ઠ તક છે. તેમણે ઉમેર્યું કે ડબલિનમાં ક્રિકેટ પ્રત્યે જબરદસ્ત જુસ્સો છે અને વિકાસની અપાર સંભાવના છે. આગામી પેઢીનો વિકાસ



મારા માટે હંમેશા મહત્ત્વપૂર્ણ રહ્યો છે. મારું માનવું છે કે ETPL આ સફરમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિનને ડબલિન ગાર્ડિયન્સના કેપ્ટન બનાવવામાં આવ્યા છે. દ્રવિડ જેવા વ્યૂહાત્મક મન અને અશ્વિન જેવા અનુભવી નેતા સાથે ટીમ લીગની સૌથી વધુ ચર્ચિત ફ્રેન્ચાઇઝીઓમાંની એક બની ગઈ છે. અશ્વિનના નેતૃત્વ હેઠળ ટીમ બેલફાસ્ટ, એડિનબર્ગ, ગ્લાસગો, રોટરડેમ અને એમ્સ્ટર્ડમ જેવી ટીમો સામે લડશે. ક્રિકેટ આયર્લેન્ડ, ક્રિકેટ સ્કોટલેન્ડ અને રોયલ ડચ ક્રિકેટ એસોસિએશનના સહયોગથી શરૂ કરાયેલ ETPL એક ક્રોસ બોર્ડર ફ્રેન્ચાઇઝ મોડેલ છે, જેમાં છ શહેરોની ટીમો સામેલ છે. લીગમાં ઘણા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ ભાગ લે તેવી અપેક્ષા છે.

## 50 ઓવરની મેચમાં 822 રન લાગતા રેકોર્ડ સર્જાયો

### ડોમેસ્ટિક ક્રિકેટની મેચે તમામ રેકોર્ડ હચમચાવ્યાં

મુંબઇ

ઝિમ્બાબ્વેના ડોમેસ્ટિક ક્રિકેટમાં એક એવી મેચ રમાઈ, જેણે ક્રિકેટ ઈતિહાસના તમામ રેકોર્ડ હચમચાવી દીધા. સ્કોર્પિયન ક્રિકેટ ક્લબે 50 ઓવરમાં 822 રન ફટકારી દીધા, જ્યારે મેથેન લાયન્સની ટીમ માત્ર 28 રન જ બનાવી શકી. પરિણામ રહ્યું 794 રનની હેરાન કરી દે તેવી જીત. આ મેચમાં ટ્રિપલ સેન્ચુરી, ડબલ સેન્ચુરી અને 100થી વધુ એક્સ્ટ્રા રન પણ જોવા મળ્યા. ચોગ્ગા-છગ્ગાની આંધી જો આ સત્તાવાર લિસ્ટ-એ મેચ હોત, તો ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બની જાત. જો કે મેથેન લાયન્સના બોલરો માટે રાહતની વાત એ રહી કે આ મુકાબલાને સત્તાવાર લિસ્ટ-એ દરજ્જો પ્રાપ્ત ન હતો. ટોસ જીતીને સ્કોર્પિયનના કેપ્ટન પ્રેઝ મકાઝાએ બેટિંગ પસંદ કરી અને ત્યારબાદ મેદાન પર રન નહીં, તોફાન વરસ્યું. ઓપનર વિલ્ફ્રેડ માટેન્ડે



અને તાકુંડા માડેમ્બોએ શરૂઆતથી જ બોલરોને નિશાના પર લીધા. ચોગ્ગા-છગ્ગાનો એવો વરસાદ થયો કે 21.3 ઓવરે ટીમની પહેલી વિકેટ પડી, ત્યાં સુધીમાં માટેન્ડે બેવડી સદી પૂરી કરી લીધી હતી. એક ખેલાડી ટ્રીપલ તો એકે બેવડી સદી ફટકારી તેણે માત્ર 75 બોલમાં 203 રન ફટકારી દીધા, જેમાં 23 ચોગ્ગા અને 13 છગ્ગા સામેલ હતા. પરંતુ રાહતનો શ્વાસ લેવાની તક લાયન્સના બોલરોને ત્યારે પણ ન મળી. એકે ડબલ સેન્ચુરી ફટકારી... બીજાએ ઠોકી દીધી ટ્રિપલ સેન્ચુરી. બીજા છેડે તાકુંડા માડેમ્બો સતત તબાહી મચાવતો રહ્યો. જ્યાં સામાન્ય વનડે મેચોમાં 300 રન ટીમનો સુરક્ષિત સ્કોર માનવામાં આવે છે, ત્યાં માડેમ્બો એકલા એ જ 300 ફટકારી દીધા. રિટાયર્ડ આઉટ થતા પહેલા તેને 143 બોલમાં 302 રન બનાવ્યા. તેની ઈનિંગમાં 50 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. એટલે કે લગભગ દરેક બીજો બોલ બાઉન્ડ્રી તરફ જઈ રહ્યો હતો. આ પછી વિન્સેન્ટ મોયોએ 39 બોલમાં 78 રન ઉડાવ્યા, જ્યારે ગેબ્રિયલ જાયાએ માત્ર 49 બોલમાં અણનમ 110 રન ઠોકી દીધા. કેપ્ટન મકાઝા 5 બોલમાં માત્ર 2 રન બનાવી શક્યો. 'એક્સ્ટ્રા' રનનો વરસાદ સ્કોર્પિયનના બેટ્સમેનોએ જેટલો કહેર મચાવ્યો, મેથેન લાયન્સના બોલરોએ પણ એટલી જ મદદ કરી દીધી. ટીમે કુલ 108 એક્સ્ટ્રા રન આપી દીધા, જેમાં 79 વાઈડ અને 23 નો-બોલ સામેલ હતા. હાલત એવી રહી કે દરેક બોલરે 100થી વધુ રન લુટાવ્યા. સૌથી ઓછા રન આપનારો બોલર સિડની શુમ્બા રહ્યો, જેમનો ઈકોનોમી રેટ પણ ઓવર દીઠ 13.3 રન રહ્યો. આટલા મોટા અંતરથી હાર ભાગ્યે જોવા મળે પહેલી ઈનિંગ જોઈને લાગતું હતું કે પિચ બેટ્સમેનો માટે કોઈ વીડિયો ગેમ જેવી છે. પરંતુ બીજી ઈનિંગ શરૂ થતાની સાથે જ વાર્તા પલટાઈ ગઈ. મેથેન લાયન્સની ટીમ માત્ર 28/7 (7.5 ઓવરમાં) સુધી પહોંચી શકી અને મેચ ત્યાં જ રોકી દેવામાં આવી. મેથેન લાયન્સ 794 રનથી હારી ગઈ. ક્રિકેટ ઈતિહાસમાં આટલા મોટા અંતરથી હાર ભાગ્યે જ જોવા મળી હશે. હાલમાં સત્તાવાર લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી મોટો ટીમ સ્કોર બિહારના નામે છે, જેણે વિજય હજારે ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે 574 રન બનાવ્યા હતા. તે જ મેચમાં વૈભવ સૂર્યવંશીએ 84 બોલમાં 190 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી.



### સોના અને ચાંદીની કિંમતમાં એક ઝાટકે વધારો

## સોનું 9 હજાર અને ચાંદી 22 હજાર મોંઘી થઈ

મુંબઇ

કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. બુધવારે જારી કરાયેલા આ આદેશ બાદ આજે એટલે કે 13 મેના રોજ સોના-ચાંદી બજારમાં સોનું 9 હજાર અને ચાંદી 22 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 10 ગ્રામ સોનાનો ભાવ 1.60 લાખ રૂપિયા અને 1 કિલો ચાંદીનો ભાવ 2.87 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. સરકારનો હેતુ વિદેશી ખરીદી ઘટાડવાનો અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી રહેલા દબાણને ઓછું કરવાનો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે. સરકારે સોના પર 10% બેઝિક કસ્ટમ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ



(AIDC) લગાવ્યો છે. આ રીતે કુલ અસરકારક ટેક્સ 15% થઈ ગયો છે. આ પહેલા 2024ના બજેટમાં નાણામંત્રી સીતારમણે ઈમ્પોર્ટ ડ્યુટી 15% થી ઘટાડીને 6% કરી હતી. સોના પરની કુલ આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરવામાં આવી. સોના પરની બેઝિક કસ્ટમ ડ્યુટી 5% થી વધારીને 10% કરવામાં આવી. સોના પર એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) 1% થી વધારીને 5% કરવામાં આવ્યો. આ ઉપરાંત, UAE થી નિર્ધારિત માત્રામાં ક્વોટા હેઠળ આવતા સોના પર પણ આયાત ડ્યુટી વધારવામાં આવી. UAE થી નિર્ધારિત માત્રામાં ક્વોટા હેઠળ રાહત દરે આયાત ડ્યુટી લાગતી હતી. ઈમ્પોર્ટ ડ્યુટી ભારતમાં સોનાની અંતિમ છૂટક કિંમત નક્કી કરતું એક મોટું પરિબળ છે. જ્યારે ડ્યુટી વધે છે, ત્યારે ગ્રાહકો માટે સોનું મોંઘું થઈ જાય છે. જ્યારે ડ્યુટી ઘટે છે, ત્યારે કિંમતોમાં થોડો ઘટાડો થાય છે. ભલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત સ્થિર રહે, પરંતુ આયાત શુલ્કમાં ફેરફારની અસર તરત જ સ્થાનિક બજારમાં પ્રતિ ગ્રામ કિંમત અને જ્વેલરીના ભાવ પર દેખાય છે. જો 24 કેરેટ દસ ગ્રામ સોનાનો ભાવ 6 ટકા કસ્ટમ ડ્યુટી સાથે 1,50,000 રૂપિયા હતો.


### સોનાના વાયદામાં રૂ.9228 અને ચાંદીના વાયદામાં રૂ.18897નો જંગી ઉછાળો

## ક્રૂડ તેલનો વાયદો રૂ.33 સુધર્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.63275.91 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.349802.05 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 51316.24 કરોડનાં કામકાજ

મુંબઇ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.413077.96 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.63275.91 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.349802.05 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4881.23 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 51316.24 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.154851ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.164497 અને નીચામાં રૂ.154851ના મથાળે અથડાઈ, રૂ.153442ના આગલા બંધ સામે રૂ.9228ના ઉછાળા સાથે રૂ.162670 થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.7072ની તેજી સાથે રૂ.130209ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.861 ઊછળી રૂ.16292ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.8739ની વૃદ્ધિ સાથે રૂ.161885ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.154083ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.163475 અને નીચામાં




રૂ.154083ના સ્તરને સ્પર્શી, રૂ.153442ના આગલા બંધ સામે રૂ.8615ની ભાવવૃદ્ધિ સાથે રૂ.162057 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.290224ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.301429 અને નીચામાં રૂ.290224ના મથાળે અથડાઈ, રૂ.279062ના આગલા બંધ સામે રૂ.18897ના ઉછાળા સાથે રૂ.297959ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.19051ની તેજી સાથે રૂ.299609ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.19040ના ભાવવધારા સાથે રૂ.299600ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 7268.83 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.16.05 વધી રૂ.1406.2ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.1.65 વધી રૂ.364ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.8.3 વધી રૂ.386.3ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.1.25 વધી રૂ.204.6ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 4565.84 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4654ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4719 અને નીચામાં રૂ.4654ના સ્તરને સ્પર્શી, રૂ.36 વધી રૂ.4666 થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9673ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9807 અને નીચામાં રૂ.9614ના સ્તરને સ્પર્શી, રૂ.9723ના આગલા બંધ સામે રૂ.33 વધી રૂ.9756ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.35 વધી રૂ.9758 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1.3 વધી રૂ.272.2 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.1.4 વધી રૂ.272.3ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.1020ના ભાવે ખૂલી, રૂ.2 ઘટી રૂ.995ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2728ના ભાવે ખૂલી, રૂ.5 વધી રૂ.2739ના સ્તરે પહોંચ્યો હતો.

### કંપની ₹19.25 ડિવિડન્ડ આપશે

## HPCLનો નફો 77% વધીને ₹6,065 કરોડ: ચોથા ક્વાર્ટરમાં રેવન્યુ 4.4% વધી

મુંબઇ

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ નાણાકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટરમાં 6,065 કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. રિફાઈનિંગ માર્જિનમાં સુધારાને કારણે કંપનીના નફામાં ગયા વર્ષની સરખામણીમાં 77%નો વધારો થયો છે. શેર દીઠ 19.25ના ફાઈનલ ડિવિડન્ડની જાહેરાત કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 10 ની ફેસ વેલ્યુ ધરાવતા શેરો પર શેર દીઠ 19.25 ના ફાઈનલ ડિવિડન્ડની ભલામણ કરી છે. આ ડિવિડન્ડ વર્ષ દરમિયાન આપવામાં આવેલા 5 ના વચગાળાના ડિવિડન્ડથી અલગ હશે. આના પર હજુ સભ્યોની મંજૂરી મળવાની બાકી છે. રિફાઈનિંગ માર્જિનમાં મોટો ઉછાળો HPCLના નફામાં મોટા વધારાનું મુખ્ય કારણ સુધરેલું રિફાઈનિંગ માર્જિન રહ્યું. નાણાકીય વર્ષ 2026ના ચોથા ક્વાર્ટરમાં



કંપનીનું ગ્રોસ રિફાઈનિંગ માર્જિન (GRM) વધીને 14.27 ડોલર પ્રતિ બેરલ થયું, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 8.44 ડોલર પ્રતિ બેરલ હતું. સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 માટે સરેરાશ GRM 8.79 ડોલર પ્રતિ બેરલ રહ્યું, જ્યારે ગયા વર્ષે તે 5.74 ડોલર હતું. રેવન્યુ અને વાર્ષિક નફાના આંકડા ચોથા ક્વાર્ટરમાં ઉત્પાદનોના વેચાણથી થતી રેવન્યુ 4.4% વધીને 1.23 લાખ કરોડ રહી. કંપનીની કુલ આવક પણ 4.4%ના વધારા સાથે 1.24 લાખ કરોડ પર પહોંચી ગઈ. સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 ની વાત કરીએ તો, કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ 168% ઉછળીને 18,046.89 કરોડ રહી. LPG અંડર-રિકવરી માટે સરકારી વળતર પેટ્રોલિયમ મંત્રાલયે HPCLને ઘરેલું LPGના વેચાણ પર થયેલા નુકસાન (અંડર-રિકવરી) ની ભરપાઈ કરવા માટે 7,920 કરોડનું વળતર આપવાની વાત કહી છે. આ રકમ નવેમ્બર 2025 થી 12 સમાન માસિક હપ્તામાં ચૂકવવામાં આવશે. નાણાકીય વર્ષ 2026 માટે કંપનીએ તેના પાંચ હપ્તા તરીકે 3,300 કરોડની નોંધ લીધી છે. ક્રૂડ પ્રોસેસિંગ અને ડોમેસ્ટિક સેલ્સ આ ક્વાર્ટર દરમિયાન રિફાઈનરીઓમાં ક્રૂડ ઓઈલના ચાર નવા ગ્રેડ્સની પ્રોસેસિંગ કરવામાં આવી.

## સેન્સેક્સ 49 પોઈન્ટ વધીને 74,608 પર બંધ

■ **નિફ્ટી 33 પોઈન્ટ વધીને 23,412ના સ્તરે પહોંચ્યો, મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી**

મુંબઇ

બુધવાર 13 મેના રોજ, સેન્સેક્સ 49 પોઈન્ટ વધીને 74,608 પર બંધ થયો. નિફ્ટી પણ 33 પોઈન્ટ વધીને 23,412 પર બંધ થયો. આજના ટ્રેડિંગમાં મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી, જ્યારે IT શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. શેરબજારમાં ગઈકાલે 12 મેના રોજ ઘટાડો જોવા મળ્યો હતો.



સેન્સેક્સ 1,456 પોઈન્ટ ઘટીને 74,559ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 436 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 23,379 ના સ્તરે બંધ થયો. સતત ચોથા કારોબારી દિવસે બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. ચાર દિવસમાં સેન્સેક્સ લગભગ 3,500 પોઈન્ટ અને નિફ્ટી લગભગ 1,000 પોઈન્ટ ઘટ્યો છે બીજી તરફ ભલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત સ્થિર રહે, પરંતુ આયાત શુલ્કમાં ફેરફારની અસર તરત જ સ્થાનિક બજારમાં પ્રતિ ગ્રામ કિંમત અને જ્વેલરીના ભાવ પર દેખાય છે. જો 24 કેરેટ દસ ગ્રામ સોનાનો ભાવ 6 ટકા કસ્ટમ ડ્યુટી સાથે 1,50,000 રૂપિયા હતો.

### ગુજરાત યુનિવર્સિટી બહારના રોડ પર NSUIએ શિક્ષણમંત્રીનું પૂતળું બાળ્યું

# NEET પરીક્ષાના પેપર લીક મામલે વિરોધ



■ સરકારી તંત્ર અને પરીક્ષા લેતી એજન્સીઓની બેદરકારીને કારણે તેજસ્વી વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાયું



■ NSUIએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિની તટસ્થ તપાસ થવી જોઈએ.

**અમદાવાદ**

સમગ્ર દેશમાં હાલ નીટ એટલે કે નેશનલ એલિજિબિલિટી ઍન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ(NEET)માં પેપર લીકને લઈને વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે અમદાવાદમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળ્યા છે. ત્યારે આજે (13મી મે) અમદાવાદમાં નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઑફ ઈન્ડિયા(NSUI) દ્વારા ગુજરાત યુનિવર્સિટીના ગેટ પાસે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યો હતો. કાર્યકરોએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠાવી છે.

ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય ગેટ પાસે



એકત્ર થયેલા NSUIના કાર્યકરોએ હાથમાં પોસ્ટરો અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. NSUIના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, NEET જેવી મહત્ત્વની પરીક્ષામાં પેપર લીક થવાથી લાખો મહેનતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે અન્યાય થઈ રહ્યો છે. સરકારી તંત્ર અને પરીક્ષા લેતી એજન્સીઓની બેદરકારીને કારણે તેજસ્વી વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાયું છે.

દેખાવો દરમિયાન સ્થિતિ વણસતી જોઈ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. NSUIના કાર્યકરો જ્યારે ઉગ્ર દેખાવો કરી રહ્યા હતા, ત્યારે પોલીસે તેમની અટકાયત કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણના દૃશ્યો પણ સર્જાયા હતા. પોલીસે અનેક કાર્યકરોની અટકાયત કરી પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું. NSUIએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિની તટસ્થ તપાસ થવી જોઈએ.

પીડિત વિદ્યાર્થીઓને વહેલી તકે યોગ્ય ન્યાય મળવો જોઈએ. જો સરકાર કે સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. હાલમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને આ મુદ્દે રાજકીય ગરમાવો પણ તેજ બન્યો છે.

### રાજ્યમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી

સ્થાનિક પીઆઇ સિવાય બહારથી આવેલા એક પીઆઇ પણ હાજર હતા પરંતુ આ પીઆઈની સામે જ કાર્યકરોએ પૂતળું દહન કર્યું છતાં પીઆઈએ અટકાયત ન કરતા સ્થાનિક પીઆઈએ અટકાયત કરવા જવું પડ્યું હતું. NSUI નેતા ચિરાગ દરજીએ જણાવ્યું હતું કે NTA દ્વારા જવાબદાર સામે પગલાં લેવામાં આવે તેવી અમારી માંગ છે. જો NTA કાર્યવાહી ન કરે તો આગામી દિવસમાં સમગ્ર રાજ્યમાં આંદોલન કરવામાં આવશે.

### ગુજરાત યુનિ. બહારના રોડ પર પૂતળા દહન

NSUI દ્વારા આજે ગુજરાત યુનિવર્સિટી બહાર વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યકરો દ્વારા સુત્રોચાર પણ કર્યાં હતા.

કેટલાક કાર્યકરોએ તો રસ્તો બંધ કરીને વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. જો કે સ્થાનિક પીઆઈ અને સ્ટાફ દ્વારા વિરોધકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. આ અટકાયત દરમિયાન સામેના રોડ પર જ NSUIના કાર્યકરો દ્વારા શિક્ષણમંત્રીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિ.માં 30 કરોડના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સ્વિમિંગ પૂલ ખંડેર હાલતમાં

### ઓલિમ્પિક કક્ષાનો પૂલ 2018માં બનાવ્યા બાદ શરૂ જ કરાયો નહીં, NSUIએ કહ્યું- ચાલુ નહીં થાય તો આંદોલન કરીશું

**અમદાવાદ**

અમદાવાદમાં ઉનાળાની આકરી ગરમીને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વિમિંગ પુલો હાઉસફુલ છે અને બાળકો-યુવાનો એડમિશન માટે લાંબી રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોની મોટી બેદરકારી સામે આવી છે. વર્ષ 2018માં અંદાજે 7 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો ઓલિમ્પિક કક્ષાનો આધુનિક સ્વિમિંગ પુલ છેલ્લા સાત વર્ષથી વપરાશ વિના બંધ હાલતમાં છે.

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં અંદાજે 30 કરોડના ખર્ચે ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે, જેનો જ એક ભાગ આ 25x50 મીટરનો ઓલિમ્પિક સાઈઝનો સ્વિમિંગ પુલ છે. આ પુલને ભરવા માટે 22 લાખ લીટર પાણીની ક્ષમતા અને અત્યાધુનિક ફિલ્ટ્રેશન સિસ્ટમ જેવી મોંઘી મશીનરી પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો




હતો. આઘાતજનક બાબત એ છે કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી આજ દિન સુધી તેમાં એક પણ વાર પાણી ભરવામાં આવ્યું નથી કે કોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું નથી. લાંબા સમયથી ઉપયોગ ન થવાને કારણે હવે આ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મશીનરી ખરાબ થઈ રહ્યા છે. આ મુદ્દે વિરોધ નોંધાવતા ગુજરાત NSUIના પ્રદેશ મહામંત્રી વિક્રમસિંહ ગોહિલે આક્ષેપ કર્યો છે કે વિદ્યાર્થીઓ પાસેથી સ્પોર્ટ્સ ફી લેવા છતાં તેમને સુવિધા આપવામાં આવતી નથી. એટલું જ નહીં અધિકારીઓ વિદ્યાર્થીઓના પૈસાથી દિવાળી કરતા હોવાના આક્ષેપ પણ કર્યો હતો. જ્યારે યુનિવર્સિટીના અધિકારીઓને માનીતા કોન્ટ્રાક્ટરો મળતા નથી જેથી સ્વિમિંગ પૂલ શરૂ કરવામાં આવતો ન હોવાનો પણ આક્ષેપ વિક્રમસિંહ ગોહિલે કર્યો હતો. રાજ્યમાં 2030માં ઓલિમ્પિકની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બનેલી સુવિધાઓ ધૂળ ખાઈ રહી છે. જો આગામી 15 દિવસમાં આ સ્વિમિંગ પુલ શરૂ કરવામાં નહીં આવે, તો NSUI દ્વારા ઉગ્ર આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે. આ વિવાદ અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ કબૂલ્યું છે કે બન્યા પછી એક પણ વાર આ પુલનો ઉપયોગ થયો નથી. તેમણે આ વિલંબ પાછળના કારણો આપતા જણાવ્યું હતું કે , અત્યારે સ્ટાફના મહેકમની મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. અગાઉ ટેન્ડરિંગની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, પરંતુ તેનો કોઈ ચોક્કસ ઉકેલ આવ્યો ન હતો. હાલમાં ભાઈઓ અને બહેનો માટે અલગ કોચ અને જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી પ્રશાસને ખાતરી આપી છે કે આગામી એક મહિનામાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરી સ્વિમિંગ પુલ વિદ્યાર્થીઓ માટે ખુલ્લો મૂકવાની તૈયારીઓ કરવામાં આવશે.

### ચાર્જ લેશે પછી જ મેયર-સ્ટેન્ડિંગ ચેરમેનની જાહેરાત

# 72 IASની બદલી : 8 નવી મનપાના કમિશનર બદલાયા

**અમદાવાદ**

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા બુધવારે વહેલી સવારે IAS અધિકારીઓની મોટી બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં કુલ 72 IAS અધિકારીઓની બદલી અને નવી નિમણૂકો કરવામાં આવી છે. આ ફેરફારોમાં અનેક જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સરકારી નિગમોના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયને વહીવટી તંત્રમાં મોટા રી-શફલ તરીકે જોવામાં આવી રહ્યું છે.

આ બદલીઓમાં તાજેતરમાં જ નવી બનેલી 9 મનપાની પહેલીવાર ચૂંટણી યોજાઈ હતી. આ 9માંથી 8 મનપાના મ્યુનિકમિશનરની બદલી કરી નવા કમિશનર મૂકવામાં આવ્યા છે. જ્યારે પોરબંદર મનપાના કમિશનરની બદલી કરવામાં આવી નથી.

દોઢ વર્ષ પહેલા નવી બનાવવામાં આવેલી મહાનગરપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરવામાં આવી છે. નવા મ્યુનિસિપલ કમિશનર આવ્યા બાદ સૌપ્રથમ વખત મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. આજે બદલીઓ થયા બાદ બે દિવસમાં નવા મ્યુનિસિપલ કમિશનરો ચાર્જ લીધા બાદ જ હવે નવી ચૂંટાયેલી પાંખ જાહેર થશે.

જાહેર થયેલા આદેશ મુજબ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ડી.એન. મોદીની ગાંધીનગર વિકાસ કમિશનર તરીકે ટ્રાન્સફર કરવામાં આવી છે. અમદાવાદ કલેક્ટર સુજીત કુમારને સ્ટેટ ટેક્સના સ્પેશિયલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. સુરત કલેક્ટર ડૉ. સૌરભ પારધીને સિવિલ સપ્લાયઝ વિભાગના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ભરુચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)ના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત નર્મદા-રાજપીપળાના કલેક્ટર સંજય મોદીની ટ્રાન્સફર કરી તેમને ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ ડેવલપમેન્ટ રેસિડેન્શિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન સોસાયટી (GSTDREIS)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

### કોન્ટ્રાક્ટ પૂર્ણ થતાં ધૂળ ખાય છે વાહનો

# મ્યુનિ. કોર્પોરેશનમાં એકપણ EV નહીં

**અમદાવાદ**

મધ્ય-પૂર્વના દેશોમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આખા દેશમાં પેટ્રોલ ડીઝલના જથ્થાને લઈને અસર થઈ છે, ત્યારે પીએમ મોદીએ પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઘટાડવા પર નાગરિકોને અપીલ કરી છે અને ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ વધારવા જણાવ્યું છે. જોકે રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મહાનગરપાલિકામાં પેટ્રોલ ડીઝલના વાહનોનો ઉપયોગ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. કારણ કે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે એક પણ ઈલેક્ટ્રીક ગાડી નથી.

તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ પેટ્રોલ અને ડીઝલથી ચાલતી જ ગાડીઓનો ઉપયોગ કરી રહ્યા છે. એક પણ ઈલેક્ટ્રીક વ્હીકલ ન હોવાના કારણે પેટ્રોલ અને ડીઝલની બચત અધિકારીઓ અને કર્મચારીઓ કરી શકે તેમ નથી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ વર્કશોપ વિભાગનો હવાલો સંભાળતા અધિકારી વિજય મિસ્ત્રીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈલેક્ટ્રીક ગાડીઓનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયો છે અને સ્ક્રેપમાં ગાડીઓ રાખવામાં આવેલી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ટૂંક જ સમયમાં નવી ઈલેક્ટ્રીક 8 જેટલી ગાડીઓ ખરીદવામાં આવશે. હાલમાં કોર્પોરેશન દ્વારા ઈ- રીક્ષા ચલાવવામાં આવે છે.



**તમામ મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ પેટ્રોલ અને ડીઝલથી ચાલતી જ ગાડીઓનો ઉપયોગ કરી રહ્યા છે**

15000 કરોડથી વધુનું બજેટ ધરાવનારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક પણ ઈલેક્ટ્રીક વ્હીકલ નથી. જેના કારણે થઈને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ફરજિયાત પેટ્રોલ અને ડીઝલથી ચાલતી ગાડીઓનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. એક વર્ષ પહેલાં મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે 25 થી વધુ ઈલેક્ટ્રીક ગાડીઓ હતી. જેનો અધિકારીઓ ઉપયોગ કરી રહ્યા હતા.

### આ વર્ષે વિદ્યાર્થિનીઓએ બાજી મારી

# CBSE દ્વારા ધોરણ 12નું પરિણામ જાહેર : ગુજરાતનું 90% પરિણામ

**અમદાવાદ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ 12ના પરિણામો 2026 જાહેર કરવામાં આવ્યા છે. આ વર્ષે દેશભરના કુલ 85.20% વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા 6.73% વધુ આવ્યું છે. આ વર્ષે વિદ્યાર્થિનીઓનું પરિણામ 88.86% અને વિદ્યાર્થીઓનું પરિણામ 82.23% આવ્યું છે.

જો કે, ગત વર્ષની સરખામણીમાં કુલ પાસ%વારીમાં ઘટાડો જોવા મળ્યો છે. આ વર્ષે, 17,80,365 વિદ્યાર્થીઓએ CBSE ધોરણ 12ની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 17,68,968 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે બાદ 15,07,109 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેથી કુલ પાસ%વારી 85.20% રહી છે, જે ગત વર્ષના 88.39% કરતા 3.19% ઓછી નોંધાઈ છે.

ફેબ્રુઆરી-માર્ચ 2026માં ગુજરાતમાં 185 જેટલા સેન્ટર પર પરીક્ષાનું આયોજ કરવામાં આવ્યું હતું. જેમાં 35 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં આ વર્ષે ગુજરાતનું પરિણામ 90.60% આવ્યું છે. જેમાં ભાઈઓનું 89.52% અને બહેનોનું પરિણામ 92% આવ્યું છે. એટલે કે બહેનોનું પરિણામ 2.48% વધુ આવ્યું છે. દેશમાં અને ગુજરાતમાં સૌથી વધુ પરિણામ બહેનોનું આવ્યું છે. તેમજ ધાર્યા



કરતા વધુ પરિણામ આવતા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી જતી. જો કે સાયન્સના કેટલાક વિદ્યાર્થીઓ NEETની પરીક્ષા રદ થવાથી હવે ફરીથી તેની તૈયારીઓમાં લાગી ગયા છે.

જય પટેલે જણાવ્યું હતું કે, સાયન્સના બી ગ્રુપમાં 95.2 પર્સેન્ટેજ આવ્યા છે. સારું પરિણામ મેળવવા માટે ખૂબ મહેનત કરવી પડતી હોય છે. જેથી પરિવારના સારા સ્પોર્ટના કારણે સારું પરિણામ મેળવી શક્યો છું. હવે ડોક્ટર બનવાની ઈચ્છા છે જે માટે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. NEET માં પેપર લીક થવાના કારણે પરીક્ષા રદ કરવામાં આવી છે. જેથી હવે ફરીથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. બીજી વખત તૈયારી કરવી અઘરી નથી. પરંતુ પરીક્ષાને બીજી ઓપોર્ચ્યુનિટી લઈને તો ફરી સારું પરિણામ મેળવવા માટે એક ચાન્સ છે. અમારી NTA ને રજૂઆત છે કે JEE ના જેમ ઓનલાઈન મોડમાં લેવામાં આવે અને જેથી પેપર લીક ન થાય. પેપર લીક થવાથી જે મહેનત કરનાર વિદ્યાર્થીઓ છે તેમને નુકસાન જઈ રહ્યું છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI